# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧/—**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફલેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત— | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૧૫) | મા સર્વેશ્વરી | ૬ |
| મહાત્મા શ્રી યોગેશ્વરજીને દિવ્યાંજલિ | નારાયણ જાની | ૧૦ |
| ભારતના મહાન સંત અને જ્યોતિર્ધર શ્રી યોગેશ્વરજી | સ્વામી બ્રહ્મરૂપાનંદ | ૧૨ |
| માતૃભક્ત મહાત્મા શ્રી યોગેશ્વરજી | જ્યોત્સનાબહેન ત્રિવેદી | ૧૫ |
| સાંઇનાથ સિદ્ધિગીત | યોગેશ્વરજી | ૧૮ |
| મા સર્વેશ્વરીનાં જન્મદિને ડૉ.બી.જે જાગાણીએ લખેલ પત્ર | ડૉ. બી. જે જાગાણી | ૨૧ |
| હિમાલયના પત્રોમાંથી | યોગેશ્વરજી | ૨૭ |
| વિદેશથી માત્ર સ્વર્ગારોહણમાં જ રહેવા— આવેલા બાળકોના પ્રતિભાવ | વિરેન ખેર, ઇશાન ખેર | ૩૧ |
| ચમત્કારો તો પહાડ જેવા જૂના છે | શ્રી દીલીપકુમાર રાય | ૩૫ |
| સંતવાણી કૃતિ પરિચય | પ્રો. તરલા દેસાઇ | ૩૭ |
| શ્રી શાંતિભાઇનું સન્માન | જ્યોત્સનાબહેન ત્રિવેદી | ૪૨ |
| સત્કર્મપર્વના આર્થિક સહાયકો | શ્રી રાજુભાઇ જાની | ૪૫ |
| અકલ્પેલ સહાય | ડૉ. શરદ ઠાકર | ૪૭ |
| હરિરસની હેલી | જ્યોત્સનાબહેન ત્રિવેદી | ૫૪ |
| ગુરુમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી સહાય

વિદેશની ધરતી ઉપર પ્રથમ શિબિર, કર્પૂરવન સંનિધિ પર્વ, કર્પૂરવન ૐમા પ્રાથમિક શાળા, સાયકલ યાત્રા તથા જયપુર ફૂટ જેવાં અનેક સત્કર્મો જેમના હાથે થઇ રહ્યાં છે.

તે કર્પૂરવનના મા પરિવારનાં વડીલો ને બાળકો—

૧. શ્રી શારદાબેન,

૨. શ્રી રમેશચંદ્ર,

૩. શ્રી જગદીપ ભક્ત,

૪. શ્રી નયના ભક્ત.

તરફથી આ અંક પ્રકાશિત થઇ રહ્યો છે.

સર્વમંગલ, સ્વર્ગારોહણ, અધ્યાત્મના એ સાચા સ્વજનોને અભિનંદન.

—મા સર્વેશ્વરી



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

### ઈશ્વરપ્રેમનો પાર નથી પમાતો

ઈશ્વરના પ્રેમનું વર્ણન કરવાની શક્તિ માણસની સ્થૂલ વાણીમાં નથી. પ્રેમના વિવિધ પાસાનું પૂરેપૂરું વર્ણન કોણ કરી શકે? ઈશ્વરના પરમ પ્રેમનું સ્વરૂપ સાગર જેટલું વિશાળ ને ગહન તથા આકાશ જેવું અનંત છે. સાગરનો તાગ કાઢવો જેમ મુશ્કેલ ને આકાશનો અંત પણ એવો જ મુશ્કેલ, તેમ ઈશ્વરી પ્રેમનો પાર પામવાનું કામ મુશ્કેલ કે અતિશય કપરું છે.

જે નિયમ ઈશ્વરી પ્રેમના સંબંધમાં લાગુ પડે છે તે ઈશ્વર વિશે પણ બરાબર છે. એટલે કે ઈશ્વરના રહસ્યને પૂરેપૂરું વ્યક્ત કરવાની શક્તિ પણ માણસની સ્થૂલ વાણીમાં નથી. તો પણ પ્રેમ ને ઈશ્વર વિશે આજ સુધીમાં ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. ઈશ્વરી પ્રેમના રંગમા રંગાઇ જઇને તેમ જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને ભક્તો આનંદમાં નાચી ઉઠ્યા છે, ને પ્રેમ તથા ઈશ્વર વિશે તેમણે અવારનવાર ઉદ્ગારો પણ કાઢ્યા છે. ઈશ્વર પ્રેમનાં ને ઈશ્વર વિશેનાં અનેક પદો આ વાતની સાક્ષી પુરે છે. એ ઉપરાંત મહાપુરુષોનાં વચનો પણ તેના પુરાવા રૂપ છે. છતાં તે દ્વારા પ્રેમ અથવા ઈશ્વર વિશે બધું જ કહેવા જેવું કહેવાઇ ગયું અથવા તે વિશે પરિપૂર્ણપણે વર્ણન થઇ ગયું એમ કહી શકાય નહીં. સાચી રીતે જોતાં તો આ વિષય જ એટલો અનંત છે કે સૃષ્ટિના સર્વ ભક્તો કે ઈશ્વરદર્શી સંતો એકઠા મળે તો પણ તેનો પાર પામી શકે નહીં. જેમ ઉષાના રંગ આકાશમાં એક જ ઠેકાણે ખીલવા છતાં રોજ રોજ વિવિધ ને અનેક રંગી લાગે છે, તેમ ઈશ્વરના પ્રેમનું સ્વરૂપ પળે પળે પલટાયા કરે છે, ને વધારે ને વધારે રસિક તેમ જ આકર્ષક લાગે છે. તે પ્રેમના રંગમાં ભક્ત કે સાધક જેમ જેમ વધારે ને વધારે રંગાતો જાય તેમ તેમ તેની આગળ નવાં નવાં રહસ્યોનો સ્ફોટ થતો જાય છે,

ને નવા નવા ભાવો ને ભાષામાં તેની વાણી ઈશ્વરના પ્રેમ ને મહિમાને વ્યક્ત કરે છે.

એનો અર્થ એમ નથી કે જુદી જુદી અવસ્થા કે સાધન દશામાં અનુભવાયેલા ભાવ ને તેને પરિણામે પ્રકટ થયેલા શબ્દો પ્રમાણભૂત કે સત્ય ના માનવા. તે તે અવસ્થા પૂરતા ને સાચા જ છે. વળી એક જ સત્યનાં તે ભિન્નભિન્ન પાસાં છે. ઈશ્વર તેમ જ ઈશ્વરી પ્રેમની વિવિધતાના ખ્યાલને માટે તે જરૂરી પણ છે. જેમ અનંત આકાશમાં એક બાજુ ઉડનારું પક્ષી ઉલ્લાસમાં આવી જઈને ગાઈ ઉઠે, ને સાગરની દિશામાં નીચે ઉતરી પોતાની પાંખ દ્વારા સાગરનો સ્પર્શ કરી, આનંદ પામી, પાછું ઉડવા માંડે, તેમ ભક્તના સંબંધમાં પણ સમજવાનું છે. ઈશ્વરી અનુભવના અનંત આકાશમાં ગતિ કરનારો ભક્ત પણ ઈશ્વરના પ્રેમ સાગરમાં પાંખ બોળી આનંદ માને છે : કેટલીક વાર તે પ્રેમના પવિત્ર પાણીમાં પૂરું સ્નાન પણ કરે છે : તેટલા પૂરતો તેનો અનુભવ સાચો છે : પણ તે સંપૂર્ણ નથી. અનુભવની સંપૂર્ણતા તો ઈશ્વરના સ્વરૂપ સાક્ષાત્કાર કે દર્શન પછી જ થઈ શકશે. આવા સંપૂર્ણ અનુભવથી સંપન્ન ભક્તની વાણી દ્વારા ઈશ્વર પ્રેમનું રહસ્ય વધારે સુંદર ને નક્કરપણે વ્યક્ત થશે. પણ તેવો મહાપુરુષ પણ પોતાના ઈશ્વર વિષયક અનુભવનું પૂરું વર્ણન કરવા સમર્થ નહીં બને. વાણી દ્વારા તમારી બુદ્ધિમાં ઉતરે એ રીતે તે કેટલાંક સત્યોને સમજાવી શકશે એટલું જ. તેથી તમને સમાધાન જરૂર થશે, પણ આખરી સમાધાન ને શાંતિ માટે તો તમારે પોતે જ પ્રેમની પ્રતિમા બની ઈશ્વરનું દર્શન કરવું પડશે. તે વિના પ્રેમ કે ઈશ્વરનું સાચું રહસ્ય નહીં સમજાય. પુસ્તકો, ઉપદેશો કે તર્કો તમારી છેવટની ભૂખ ભાગવામાં સમર્થ નહીં નીવડે. તે તમારા માર્ગ તેમ જ દૃષ્ટિકોણને ચોકખો કરી દેશે, બાકી ઈશ્વર ને તેના પ્રેમના અંતિમ રહસ્યને સમજવા માટે તો તમારે અનુભવનો જ અંતિમ આધાર લેવો પડશે, એટલે કે સાધનાના ક્ષેત્રમાં પ્રવેશી ચોક્કસ વિકાસ કરવો રહેશે.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૮ માર્ચ—૨૦૧૬ અંક ૬

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૧૫)

**તા.૦૮/૧૨/૮૨,**

આજે અહીંની ગુજરાતી શાળાનો વાર્ષિકોત્સવમાં જવાનું હતું, જેની પત્રિકા નીચે મુજબ જનતાને વહેંચાયેલ હતી :

**શ્રી સૂરત હિન્દુ એજ્યુકેશનલ સોસાયટી, ડરબન**

**ગુજરાતી શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામી મેળાવડો**

ઉપરોક્ત સંસ્થાના આશ્રયે ચાલતી સૂરત હિન્દુ ગુજરાતી શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામી મેળાવડો બુધવાર તા. ૮મી ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ સાંજે ૭.૦૦ વાગે ભારત હૉલ, ૧૩૭ પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબનમાં ઊજવવામાં આવશે.

આ ઉત્સવમાં ગુજરાતી શાળાના સાતમાં ધોરણમાં ઉત્તીર્ણ

થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવશે તથા વાર્ષિક પરીક્ષામાં ઉપલા નંબરે પાસ થયેલ બાળકોને ઇનામોની વહેંચણી શ્રી. પરભુભાઇ શંકરભાઇ પટેલ તરફથી કરવામાં આવશે.

**મનોરંજક કાર્યક્રમ**

આ પ્રસંગે ગુજરાતી શાળાના બાળકો તરફથી ગરબા, નૃત્ય, નાટિકા, ભાષણ, સંગીત, સમૂહગાન, અભિનયગીત, કવિતાપાઠ વગેરેનો મનોરંજક કાર્યક્રમ પણ રજૂ થશે, જેમાં હાજર રહી આપણાં બાળકોને ઉત્તેજન આપશોજી.

**મહાત્માજીનાં આશીર્વચનો**

આ પ્રસંગે ભારતથી પધારેલા તપસ્વી, સાધક, વિદ્વાન, પૂજ્ય **યોગેશ્વરજી મહારાજ** આશીર્વચનો આપશે. તેમ જ સૂરતની શાળાનાં એક વખતનાં પ્રિન્સિપાલ **માતા સર્વેશ્વરી** બાળકોને શિક્ષણના ઉદ્દેશ વિષે ઉદ્‌બોધન કરશે, તેમ જ ભક્તિભાવવાળાં ભજનો રજૂ કરશે.

આ અપૂર્વ પ્રસંગે ગુજરાતી સમાજનાં સમસ્ત ભાઇ–બહેનોને સમયસર પધારવાને વિનંતી છે.

★ ★ ★

સાડા સાત વાગ્યે હૉલ ઉપર જવાનું બન્યું. પૂ.શ્રીના હસ્તે શાળામાં સાતમા ધોરણમાં પાસ થનાર બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

આ ગુજરાતી શાળા ૫૦ વરસથી ચાલે છે. પહેલાં નવસો બાળકો હતાં. આ વરસે ચારસો બાળકો છે. સોળ શિક્ષકો છે. મુખ્યશિક્ષક ગુરુકુળના વેદાલંકાર છે. શ્રી નરદેવભાઇ તેમનું



નામ છે. તેઓએ જનતાને પરિચય આપતાં કહ્યું : “આપણા સદ્‌ભાગ્યે ભારતથી પધારેલા સંતપુરુષ શ્રી. યોગેશ્વરજી પણ અહીં આવ્યા છે. તેઓ યોગી છે, જ્ઞાની છે, વિદ્વાન છે અને ભક્તિમાર્ગના શ્રેષ્ઠ અનુભવી મહાપુરુષ છે. તેમણે વરસો સુધી હિમાલયમાં તપશ્ચર્યા કરી છે. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમનું હું સ્વાગત કરું છું અને શાળા તરફથી તેમને પુષ્પગુચ્છ અર્પણ કરું છું.”

એમની સાથે પધારેલાં સ્ત્રીસંત શ્રી સર્વેશ્વરી માતા છે. સ્ત્રીસંત ભાગ્યે જ જોવા મળે છે.

આપણે હમણાં થોડા વખત ઉપર જ એક સ્ત્રીસંતને જોયેલાં, તે તેમને સૌને યાદ હશે. તેઓ અને સર્વેશ્વરી માતામાં ઘણો વિરોધાભાસ જોવા મળે છે. જોકે સંતો પોતપોતાની રીતે કાર્ય કરતા હોય છે. સર્વેશ્વરી માતાને પ્રવચનમાં જોઇએ છીએ તો, આવીને તેઓ આસન ઉપર બેસે છે, શાંત–સ્થિર–સ્વસ્થ. પોતાનું ભજન ગાવાનું હોય ત્યારે પણ કોઇ આવેશ નહીં, કોઇ ઉદ્વેગ નહીં. જાણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોથી યુક્ત એક સાધ્વી સ્ત્રીનાં દર્શન કરતાં હોઇએ એવો પૂજ્યભાવ જાગે છે.

જ્યારે આપણે હમણાં થોડા વખત ઉપર જ જે સ્ત્રીસંતને જોયેલાં તેઓ થોડાં આવેશવાળાં, ઉદ્વેગવાળાં, લોકો સાથે જલદી ભળી જનારાં, બહુ સ્થિરતા નહીં એવાં હતાં. એમનાથી આ સ્ત્રીસંત જુદાં જ છે. એમને આવકારતાં વિશેષ આનંદ તો એ માટે થાય છે કે અગાઉ તેઓ શાળાનાં આચાર્યા હતાં. તેમને શાળા તરફથી સ્વાગત કરી પુષ્પગુચ્છ અર્પણ કરું છું.

એમ કહી અમને બન્નેને તે મહાનુભાવે પુષ્પગુચ્છ અર્પણ કર્યા. તેઓ માથે હંમેશાં સફેદ ખાદીની ટોપી પહેરે છે, જેથી તેઓ જનતાની વચ્ચે તરત જ ઓળખાઇ જાય છે.

સ્વાગત પછી પૂ.શ્રીના હસ્તે બાળકોને પ્રમાણપત્ર અપાયાં.

પછી, પૂ.શ્રીને આશીર્વચન આપવા જણાવાયું. પૂ.શ્રીએ પોતાના પ્રવચનમાં શેલી નામના અંગ્રેજી કવિની વાત તથા દતાત્રેયની રસપ્રદ વાતો કરી.

મારે પણ શિક્ષણ વિષે બોલવાનું હતું. મેં પાયાનું શિક્ષણ, સંસ્કારોનું ઘડતર વિષે કહ્યું તથા જીવનમાં પવિત્ર આહાર ઉપરના બે પ્રસંગો કહ્યા. 'સરળ ગીતા'માંથી થોડા શ્લોકો ગાઇ સંભળાવ્યા.

હવે મનોરંજન કાર્યક્રમ શરુ થવાનો હોઇ અમે મંચ ઉપરથી નીચે પ્રેક્ષકોના વિભાગમાં આવી જઇએ છીએ. છ—સાત નાના નાના કાર્યક્રમો જોયા. તેમાં પ્રાર્થના, ઝંડાગીત, માછીમારનું નૃત્ય, રાધાનું નૃત્ય, એક ગરબો વગેરે જોયું.

દશ વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ કર્યો.

આજે સવારે પેલા યુવકના મુલાકાત—પ્રસંગમાં પૂ.શ્રીએ આદર્શ ગુરુની ભૂમિકા ઉપર રહીને માર્ગદર્શન આપ્યું. જેને જેને જ્યાં જ્યાં શ્રદ્ધાભક્તિભાવ હોય ત્યાં ત્યાં તેને સ્થિર કરવાનું કાર્ય પૂ.શ્રી હંમેશાં કરતા હોય છે. આજે પણ તેમણે પેલા યુવાનની જ્યાં શ્રદ્ધાભક્તિ હતી ત્યાંથી જ ગુરુદીક્ષા લેવાની સલાહ આપી. આદર્શ સંતની શાસ્ત્રોક્ત નીતિ એ જ હોય છે, જેનું પૂ.શ્રી સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે.

(ક્રમશઃ)



# મહાત્મા શ્રી યોગેશ્વરજીને દિવ્યાંજલિ

**—નારાયણ જાની**

તા. ૧૮મી માર્ચ એ મહાત્મા શ્રીયોગેશ્વરજીની ભૌતિક પુણ્યતિથિ છે એટલે સહેજેય એમની ભૌતિક વિદાયની સ્મૃતિ આપણને થઇ આવે તેથી તે મહાપુરુષને અંજલિ આપતાં કેટલાંક લખાણો આ અંકમાં રજૂ કર્યા છે. જેથી વાચકોને એ મહાપુરુષની સાધનાત્મક, સાહિત્યીક અને આધ્યાત્મિકતાનો પરિચય પ્રાપ્ત થાય.

**શ્રી પરમાર્થી** શ્રી યોગેશ્વરને ભવ્ય અંજલિ આપતાં લખે છે 'ઈ.સ. ૧૯૪૦ થી ઈ.સ. ૧૯૬૦ સુધી હિમાલયમાં આકરી તપશ્ચર્યા કરી આધ્યાત્મિક શક્તિઓથી વિભૂષિત બન્યા પછી જ પૂ.યોગેશ્વરજીએ લોકસંગ્રહાર્થે જનસમુદાયમાં વિચરણ કરવાનો પ્રારંભ કર્યો હતો. ત્યારથી જ તેમણે વ્યાખ્યાનો દ્વારા અને લેખનકલા દ્વારા સ્વાનુભૂતિના અમૃતની વર્ષા કરવા માંડી હતી. એમની ઓજસ્વી વાણીમાં જ્ઞાન, ભક્તિ ને યોગના રહસ્યોનું ઉદ્‌ઘાટન આકર્ષક રીતે થતું હતું. તેમની રહેણીકરણીમાં દીપી ઊઠતાં સાદાઇ, સરળતા ને સૌમ્યતાનાં લક્ષણો તેમની વિશેષતાનાં દ્યોતક હતાં. જન્મ દેનારી પોતાની માતાની અંતિમ ઘડી સુધીની તેમણે કરેલી ભક્તિભાવપૂર્વકની અમૂલ્ય સેવા તેમને મહાન માતૃભક્ત સંત તરીકે પ્રતિષ્ઠિત કરે છે. પોતાની માતાને દેશ—પરદેશમાં સાથે જ રાખતા અને જગદંબા તરીકે તેની પૂજા કરતા.'

'સમર્પણ' ને 'પરભવની પ્રીત' જેવા ઉત્કૃષ્ટ પ્રકારના વાર્તાસંગ્રહો, 'ગાંધીગૌરવ' જેવું ભક્તિભાવપૂર્વકનું મહાકાવ્ય, 'શ્રી રમણ મહર્ષિ' જેવા સર્વોત્તમ ચરિત્રગ્રંથો, 'પ્રકાશના પંથે' જેવી અણમોલ આત્મકથાની સૌરભથી સદાને માટે ગુજરાતી સાહિત્યનું ઉપવન મઘમઘી રહેશે. તેમની મૌલિક કૃતિઓ અમર

સ્થાન પ્રાપ્ત કરે તેવી છે. તદુપરાંત શ્રેષ્ઠ પ્રકારના અનુવાદો અને 'રામાયણદર્શન' જેવી પ્રલંબ પદ્યરચના તેમનું વિશિષ્ટ પ્રકારનું પ્રદાન છે. ઉપનિષદ્, ગીતા, ભાગવત, મહાભારત, રામાયણ, યોગદર્શન જેવા શાસ્ત્રગ્રંથો પર અભ્યાસપૂર્ણ ચિંતનાત્મક ગ્રંથોની રચનાઓ તેમના આધ્યાત્મિક અનુભવોના પ્રકાશથી પ્રકાશિત છે. આવા તમામ સાહિત્યનું મૂલ્યાંકન ગુજરાતના વિદ્વાન સાહિત્યકારો દ્વારા થતું રહેશે તો સામાન્ય જનસમાજના તેઓ ઋણી બનશે.

વિવેચક શ્રી વિજયરાય વૈદ્યે શ્રી યોગેશ્વરની વિરલ પ્રતિભા પિછાનવા અશક્તિમાન જગતને ઉપાલંભ આપતાં કહ્યું હતું : 'જગત પોતાના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી, તેવાઓમાંના એક છે.'

છ દાયકાના (ઈ.સ. ૧૯૨૧થી ઈ.સ. ૧૯૮૪ સુધીના) શ્રી યોગેશ્વરના જીવનના બે દાયકા હિમાલયમાં વીત્યા, જ્યાં તેઓ અનેક સાધુ—મહાત્માઓના સંપર્કમાં આવ્યા, એમને અનેક દેવ—દેવતાઓનાં દર્શન થયાં. શ્રી રમણ મહર્ષિ તથા શ્રી સાંઈબાબાની સંનિધિ મળી. એમનો આત્મસાક્ષાત્કાર સીધો પરમાત્મા સાથેના સંભાષણમાં પરિણમ્યો. મુંબઈના લક્ષ્મીનારાયણ મંદિરમાં પ્રવચન કરતાં—કરતાં શ્રી યોગેશ્વરે દેહત્યાગ કર્યો પણ શ્રી યોગેશ્વરના અંતરાત્માનો આવિર્ભાવ 'મા સર્વેશ્વરી'ના અધ્યાત્મતેજરૂપે જગતમાં ઝળહળતો રહ્યો છે એ અધ્યાત્મજગતનું સદ્ભાગ્ય છે.

'મા' સર્વેશ્વરી સરસ કહે છે :

'શ્રી યોગેશ્વરનું જીવન એ સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની આધ્યાત્મિક મંગલ કથા છે.'

સરોડાના એ નાનકડા બાળે પ્રવાસ શરુ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. તેનો પ્રવાસ પુણ્યવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી બની એક ધન્ય ક્ષણે પૂર્ણ યાત્રી કહેવાયો.



### ભારતના મહાન સંત અને જ્યોતિર્ધર

# શ્રી યોગેશ્વરજી

—સ્વામી બ્રહ્મરૂપાનંદ

દેવભૂમિથી પણ અધિક મહિમાવાળી ભારતવર્ષની ઋષિમુનિ સેવિત તપોભૂમિમાં અતીત કાળથી માંડીને અદ્યતન કાળપર્યંત જુદાજુદા અનેક અલૌકિક સંતો, મહાત્માઓ, યોગીઓ અને તપસ્વીઓ જન્મીને પોતાના લોકાત્તર જીવન દ્વારા પ્રેરણા તથા પ્રકાશ પાથરીને, અસંખ્ય આત્માઓને પથપ્રદર્શન પહોંચાડીને, જ્યોતિર્ધર તરીકેનું કલ્યાણકાર્ય કર્યું છે. શ્રી યોગેશ્વરજીએ જ્યોતિર્ધરોની એ પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે તથા પ્રાણવાન બનાવી છે.

શ્રી યોગેશ્વરના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. મેં ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થાનને જોયું છે, એમણે જ્યાં રહીને કઠોર તપ કરેલું તે દેવપ્રયાગના એમના એકાંત આશ્રમને જોયો છે, એમના સાધનામય જીવનનો પરિચય પ્રાપ્ત કર્યો છે, એમના ઉપવાસોને નિહાળવાનું સૌભાગ્ય પણ મેળવ્યું છે, એમની સ્થિતપ્રજ્ઞતાને પણ નિહાળી છે, અને એ બધા પરથી મારી પ્રતીતિ થઈ છે કે એ જીવનમુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમ્યાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા, સંપૂર્ણ, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. શ્રી યોગેશ્વરજી સૌમાં જુદા જુ તરી આવે છે. એમનું જીવન ભારતીય

સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

હું તો એટલું જ કહું છું, કહ્યા સિવાય રહી શકતો નથી, કે જે માતાપિતાએ એમના આવિર્ભાવમાં અજ્ઞાત રીતે પણ ભાગ ભજવ્યો છે તેમને ધન્ય છે. એમને પ્રકટાવનારું કુળ અને એમની ક્રીડાસ્થળી થનારી ભૂમિ ધન્ય છે, અને એમની પવિત્ર પદરજને ધારણ કરનારી ધરતી પણ ધન્ય છે. એમના જેવા મહાપુરુષનું દર્શન યુગો પછી કોઈવાર થઈ શકે છે તથા યુગો સુધી પ્રેરણા પ્રદાન કરનારું થઈ પડે છે.

શ્રી યોગેશ્વરજીએ સાધનાના જટિલ જીવનપંથને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, ઈશ્વરરૂપી પરમ કરુણામયી માતાનો આશ્રય લઈને, એની આંગળી પકડીને, એકલે હાથે જ ખેડવા માંડ્યો ને પૂરો કર્યો છે. એ સતત સાવધ, જાગ્રત, આત્મનિરીક્ષણયુક્ત રહ્યા છે, નાના—મોટાં પ્રલોભનોમાં પડ્યા નથી. નાના સરખા ગામમાં જન્મીને અભ્યાસાર્થે મુંબઈ ગયા. ત્યાંના નિવાસ દરમ્યાન આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના સંકલ્પો અને એ સંકલ્પોની સિદ્ધિના પ્રયત્નો કર્યાં. પવિત્ર હિમાલયમાં વસ્યા, ભાતભાતની સાધનામાં પ્રવેશ્યા. જુદા જુદા જ્ઞાત—અજ્ઞાત સિદ્ધ પુરુષો કે સંતોને મળ્યા. અલૌકિક અનુભવો પામ્યા. અને છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચીને શાંતિમય બન્યા. એ બધું ભગીરથ કાર્ય એમણે સતત લગન, ધીરજ, હિંમત, ત્યાગ, શ્રદ્ધા તથા સમર્પણભાવથી પૂરું કર્યું. બીજા સાધારણ, અથવા અસાધારણ સાધકો એમના જીવનમાંથી ઘણું ઘણું શીખી શકશે. સાધનાને નામે પેદા થતી ભ્રાંતિઓને ને કપોલકલ્પિત માન્યતાઓને દૂર કરીને સાધનામય જીવનનો સાચો પ્રકાશ પામી શકશે. છેવટે ધન્ય બનશે.

એમણે કરેલા અવારનવારના ઉપવાસો આજની પ્રજાને



આશ્ચર્ય પમાડે તેવા છે. અને એમ તો એમનું આખું જીવન આશ્ચર્યકારક છે. એ ઉપવાસો એમની પરમાત્મપ્રીતિ, લગની ને નિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. એમણે કેટકેટલાં કષ્ટો વેઠીને એમના ધ્યેયની સિદ્ધિ સારુ સાધના કરી છે એનો પરિચય કરાવે છે. એમની સાધના કેવળ એમને માટે જ નહોતી થઈ.

પરંતુ એમની સાધના દર્શાવે છે કે દેશ તથા દુનિયાને માટે, બીજાને સુખશાંતિ પહોંચાડવા તથા મદદરૂપ થવા માટે પણ એમણે સ્વપ્નાં સેવેલાં ને બનતા પ્રયત્નો કરેલા. દેશની સ્વતંત્રતાને માટે હિમાલયમાં રહીને એમણે વરસો સુધી પ્રાર્થનાઓ કરેલી. દેશની ઘટનાઓનું સતત ધ્યાન રાખેલું. દેશને માટે પ્રતિષ્ઠા કે કશાની પરવા વિના પડદા પાછળ રહીને એમણે પાયાનું કામ કર્યું હતું અને ત્યારે સમજાય છે કે તેઓ એક મહાન રાષ્ટ્રભક્ત કે રાષ્ટ્રવિધાયક પણ છે અને એમને માટે પરમ આદરભાવ પ્રકટે છે.

શ્રી યોગેશ્વરજીનું સાધનામય જીવન રસિક, તર્કબદ્ધ, બુદ્ધિસંગત અને ઉપકારક છે. વરસો તથા યુગો સુધી એ સાધકોનું કલ્યાણ કરશે. ઈતર જનોને પણ પ્રેરણા પાશે. જીવનસંસારની સફરમાં દિવ્ય દીવાદાંડીની ગરજ સારશે. શ્રી યોગેશ્વરજીએ ગુજરાતી ભાષા સાહિત્યના ભંડારે પણ એમના નાના—મોટા અનેકવિધ ગ્રંથો દ્વારા સમૃદ્ધ કર્યો છે. શ્રી યોગેશ્વરજીની સનાતન સાધનાએ, આધ્યાત્મિકતા, સંતપરંપરા, અને હિમાલયના ગૌરવને વધાર્યું છે. એણે પ્રદર્શાવ્યું ને પૂરવાર કર્યું છે કે આજના વિષમ વખતમાં પણ પરમાત્માની પરમ કૃપાને પામેલા સાચા મહાત્માઓની પરંપરા ભારતમાં તૂટી નથી. શ્રી યોગેશ્વરજીએ ભારતીય સંસ્કૃતિના નામને રોશન કર્યું છે.

# માતૃભક્ત મહાત્મા શ્રી યોગેશ્વરજી

–જ્યોત્સનાબહેન ત્રિવેદી

(પૂ.જ્યોર્તિમયી માતાજીની ૪–ઓક્ટોબરે પુણ્યતિથિ હતી અને ૫–નવે. ભાઇબીજના દિવસે જન્મદિવસ હતો એટલે તે દિવસે શ્રી શ્રીમાએ જ્યોર્તિમયી માતાજીને આપેલી આંદરાંજલિ)

જે માતાએ આ સમાજને એક સંતનો પ્રસાદ ધર્યો છે. સંતપુત્રની સર્વ સાધનાને વધાવી છે. દેવ પ્રયાગના એ સ્થાનમાં બધા વ્રત ઉપવાસના સાક્ષી બન્યાં છે. એટલે જ માતાજીને પ્રભુ સાથેનું સ્થાન બતાવીને કુટિયામાં સ્થાન મળ્યું છે. દરેક પદ પાછળ એક ઈતિહાસ હોય છે.

પૂ.શ્રી માતાજીએ પૂ.શ્રી સાથે કેટલી બધી યાત્રાઓ કરી! પગે ચાલીને ચાર ધામની યાત્રા બે વાર કરી. પૂ.માતાજીને ઈંગ્લેન્ડ અમેરિકા, કેનેડા પણ પૂ.શ્રી લઇ ગયા. પૂ.શ્રીએ સંતાન તરીકે શ્રેષ્ઠ ફરજ બજાવીને સમાજને માતૃભક્તિનો ઉત્તમ પાઠ શીખવ્યો. અહીં બેઠેલા સંતાનોમાં ઘણા એકના એક સંતાન છે, તો પૂ.શ્રી આપણને શું શીખવે છે?

''સામું નથી બોલવાનું,

રિસાઇ જવાનું નથી.

ભૂલ બતાવે તો મા બાપને વઢવાનું નથી.''

માતા–પિતાનું એક પદ હોય છે, સ્વમાન હોય છે, જે કંઇ કહે તે અનુભવના આધારે કહે છે. આજકાલ માતા પિતા અમને આવીને કહે છે ''મા, તમે અમારા આ દીકરાને કંઇક સમજાવો, માનતો જ નથી. મા બાપ પાસે પ્રેમનું શસ્ત્ર હશે તો કામ થઇ જશે.'' એકના એક દીકરાની જવાબદારી ઘણી મોટી હોય છે. પૂ.શ્રી પણ એકના એક હતા. સફેદ વસ્ત્રો પહેરી ત્યાગી જીવન જીવ્યા. છતાં માતાને હંમેશાં પહેલું સ્થાન આપ્યું. જે સંતાનો માતા–પિતાની હાશ પામે તેના હાથમાં પ્રભુ સ્વર્ગની કૂંચી દઇ દે છે.



પૂ.ઈંગ્લેન્ડ ગયા ત્યાં એક પાદરી ભાઇ મળ્યા. તમારાં પ્રવચનો યુરોપના જુદાં જુદાં દેશોમાં ગોઠવવાં છે. પૂ.શ્રી કહે સારું. ''ત્રણ ચાર દિવસ પછી પાછા મળ્યા મેં ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે. ૮૦% પાકું થઇ ગયું છે. પાછા ૧ દિવસ મળ્યા યાત્રા ગોઠવાઇ ગઇ છે. પણ યુરોપના ચર્ચમાં એક નિયમ છે. ત્યાં સ્ત્રીઓને ના ઉતારી શકાય. પૂ.શ્રી કહે, ''આ તો મારી માતા છે સ્ત્રી નથી. પેલા ભાઇ કહે પણ ચર્ચનો તો આ જ નિયમ છે. પૂ.શ્રી કહે, રહેવાદો પ્રવચન નથી કરવાં. તે ભાઇ કહે મારી પાસે બે ઉપાય છે માતાજીને તમારા કોઇ ભક્તને ત્યાં લંડનમાં રાખી દો. અથવા માતાજીને પાછાં ભારત મોકલી આપો. તો પૂ.શ્રી કહે, એના કરતાં પ્રવચનો જ બંધ રાખીએ. પ્રવચનોનો મને કોઇ શોખ નથી મારી માતા મારી સાથે જ રહે છે અને રહેશે.''

મુંબઇની એમ્બેસીમાં પૂ.શ્રીને વિઝા લેવા જવું પડ્યું. તો તે ઓફિસર કહે, તમે તો ત્યાં જઇને લેકચર આપશો. પણ આ માતાજીને શા માટે લઇ જાવ છો? પૂ.શ્રી કહે, હું તેમનું એક માત્ર સંતાન છું. મારા સિવાય તેમનું કોઇ નથી. એ મારી સાથે જ રહે છે એટલે માતા માટે ત્યાગ અને માતા માટે જ જીવન. એટલે જ લખ્યું છે 'માતૃ ભક્ત છો તમે મહાન.'

માતાજીને પરમાત્મા પૃથ્વી પર એક સંત જનનીનું સદ્દ્ભાગ્ય

ધરવા ઉતારે છે. માતાજીની માંદગી વખતે પૂ.શ્રીએ જે સેવા કરી તે ઘણાંએ જોઇ છે. એકવાર મસૂરી પહોંચતાં પહેલા ટ્રેઇનમાં માતાજીને સ્નાન કરાવે. વસ્ત્રો પહેરાવે, ભોજન કરાવે બધું જ કરાવે. આપણે પણ આ બધું માતા પિતા માટે કરવાનું છે. એક બે અથવા બાર સંતાન હોય દરેક સંતાનની આ ફરજ છે.

આપણી પાસે બધા માટે સમય હોય છે સ્વર્ગારોહણ આવવા માટે, ટી.વી. માટે મિત્રો માટે પાર્ટીઓ માટે. માત્ર એક જ વાતમાં આપણે તરત જ બહાનું કાઢીએ કે મને સમય નથી. અહીં બેઠેલા ઘણાં બધા સંતાનો એવા છે કે જે માતા પિતા પાસે પાંચ દસ મિનિટ પણ બેસતા નથી. તમારો એક જ પ્રેમ ભર્યો બોલ માતા પિતાને જિવાડી જશે. આ બધું ઘણું સાંભળ્યું હવે અમલમાં મૂકવાનું છે.

**(પ.પૂ.માશ્રી સર્વેશ્વરીના વ્યક્તવ્યના આધારે)**

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**



# સાંઈનાથ સિદ્ધિગીત

**–યોગેશ્વરજી**

**(ગતાંકથી)**

શ્રી સાંઇબાબાના નામથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. શિરડી નામના નાનકડા ગામમાં પ્રકટ થઇને નિવાસ કરી તથા તે ગામને ને તે ગામ દ્વારા સમસ્ત સંસારને પોતાનું કર્તવ્યક્ષેત્ર બનાવીને તેમણે જે નક્કર લોકહિતનું કામ કર્યું છે તે હવે તો સર્વવિદિત બની ગયું છે. છેલ્લાં કેટલાંક વરસોથી તો તેમની પ્રસિદ્ધિ સારા પ્રમાણમાં થઇ ચૂકી છે, ને લાખો લોકો એક અથવા બીજી રીતે તેમની વિશાળ ને શીતળ છત્રછાયામાં શાંતિ, સુખાકારી ને સંતોષનો અનુભવ કરી રહ્યાં છે.

ઈ.સ. ૧૯૫૨ની આસાપાસ શ્રી યોગેશ્વરજીને તેમની અસીમ, અસાધારણ ને અલૌકિક શક્તિના પ્રત્યક્ષ અનુભવો મળવા માંડ્યા. તેને લીધે તેમને શ્રી સાંઇબાબા માટેનો અનુરાગ ને આદરભાવ એકદમ વધી ગયા અને એમનાં અંતરના અનુરાગ, આનંદ ને ઉમળકાને તેમજ શ્રી સાંઇબાબાની કૃપાથી આ ગીતો એમણે રચ્યાં હતાં. તેમણે આ ગીતોના રૂપમાં એમનાં હૃદયની શ્રી સાંઇબાબા પ્રત્યેની અમાપ ભક્તિને ને શ્રદ્ધાને ગૂંથી લીધી છે. પૂ.શ્રી યોગેશ્વરજીએ રચેલ આ ગીતોનો બીજા જિજ્ઞાસુ ને પ્રેમીજનો પણ લાભ લેશે ને પોતાના જીવનને ઉજ્જવળ ને રસમય બનાવશે, એવી આશા છે. **–તંત્રી**

(૪)

ગંગામાં ન્હાવાની ઈચ્છા એક ભક્તજનને જાગી,
યાત્રા માટે દૂર જવાની, તમારી અનુજ્ઞા માગી.
‘અહીં જ છે ગંગા’ એમ કહી, ગંગા પદમાં પ્રકટ કરી;
અંજાઈને ભક્તે લીધી અંજલિ, એની આશ ફળી.
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીએ, સ્મરણ કરીએ આજ અમે.
કૃપાતણી ગંગાના ઝરણાં, અમારી ઉપર એમ વહે;
તીર્થ બને અંતર, દો આશિષ, તૃષ્ણા ના કોઈય રહે.

(૫)

‘ખબરદાર મારી મસ્જિદ પર પગ મૂક્યો તો બ્રાહ્મણ હે;’
વચન કહ્યા એ તમે જોરથી, બ્રાહ્મણ એ અભિમાનીને.
કેટલાય દિવસોની ઘટના, દૂર બનેલી કહી તમે;
બ્રાહ્મણ ચરણે પડ્યો તમારા, આપ્યો આશીર્વાદ તમે.
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.
આશીર્વાદ અમોને આપો, શંકા કદિયે થાય નહીં;
સત્યશીલ ને પવિત્ર બનીએ અસત્યમાં મન જાય નહીં.

(૬)

સાપ દેડકાને જોઈને, પૂર્વ જન્મની વાત કહી;
ભૂત તેમ ભાવિની વાતો, વાતો એવી કંઈક કહી.
ફકીર તોયે દાન સદાયે, દીનજનોને કરનારા;
અન્નદાન પણ કરતા, ભિક્ષા માગી જો કે જમનારા.



શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.
શક્તિ અમને મળે દિવ્ય ને, દાન કરીએ સદા અમે;
બીજાના સુખમાં સુખ સમજી, બનીએ આત્મારામ અમે.

(૭)

લુહારની સ્ત્રી ધમણ ચલાવે, તેમાં બાળક જાય પડી;
ધૂણીની આગમહીં નાખ્યો, તમે હાથને એ જ ઘડી.
ભક્તજનોએ કારણ પૂછ્યું, ત્યારે સ્મિતની સાથ કહ્યું;
આગમહીં છે પડ્યું બાલ ત્યાં, ખેંચી તેને બહાર કર્યું.
શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીએ, સ્મરણ કરીએ આજ અમે.
ભવની ભઠ્ઠી જલે બધેયે, અમે જલીએ ના એમાં;
અંગારા અડકે તો કરજો, સહાય સંકટ ને ભેમાં.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧

# મા સર્વેશ્વરીનાં જન્મદિને ડૉ. બી. જે. જાગાણીએ લખેલ પત્ર

—ડૉ. બી. જે જાગાણી

(શ્રી ડૉ. બી. જે જાગાણી પૂ.મા સર્વેશ્વરીનાં અને પૂ.ગુરુદેવનાં અનન્ય સમજપૂર્વકનાં સમર્પિત ભક્ત. તા.૯ ફેબ્રુઆરીએ એમની ત્રીજી પુણ્યતિથી હતી. તેનાં ઉપલક્ષ્યમાં તેઓશ્રીએ પૂ.મા સર્વેશ્વરીનાં જન્મદીન નિમિત્તે લખેલ પત્ર અત્રે રજૂ કર્યો છે. જે એમને અંજલિરૂપ છે.) —તંત્રી

પરમ કૃપાળુ મા,

આપના શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ,

આપના પ્રાક્ટ્યદિને આપને પત્ર લખવાનો અવસર બને છે. આપનો જન્મદિવસ સૃષ્ટિના બધા જીવો પર વરસતી કરુણા, કૃપા, દિવ્ય આશીર્વાદનો દિવસ છે. આપ અવનિ પર પધાર્યા તેથી જીવન સુગંધી બન્યું છે. પૃથ્વી પરના અને અન્ય લોકના જીવોને જીવવાની કલા મળી છે. આપની એક એક ચેષ્ટા પ્રત્યેક જીવને પુલકિત કરી સુગંધિત પુષ્પ કરે છે.

આપની કઠોર તપસ્યા જોઈને, તપસ્યાની લીલાના ગુણાનુવાદ સાંભળીને, આપનો સ્પર્શ પામીને આધ્યાત્મિક જીવનના—વિજ્ઞાનનાં અનેક રહસ્યો ખુલે છે અને એથી અનેક જીવોને લાભ થાય છે.

આપે આપેલી પ્રણામ ભક્તિથી એકાંતિક જીવનમાં પડેલા, વેદ, ઉપનિષદ અને શાસ્ત્રોમાં પડેલા આધ્યાત્મિક રહસ્યો જીવંત



બનીને ભારતની ભૂમિ પરના બાળકો અને વિદેશની ધરતી પર વસતા બાળકો આત્મસાત થયાં છે. એથી ભૌતિક શરીર તો વિશુદ્ધ બને છે પણ ભગવાન સાથે (આપની સાથે) જીવંત સંબંધ પણ બંધાય છે.

જીવોને અનેક સમસ્યાઓ હોય છે. શરીરની, ઘરની, નોકરીની, પાડોશીની, પગારની, મિત્રોની, નેતાઓની, ઉપરીની, સફળતાની, નિષ્ફળતાની. આ બધી સમસ્યાનો એ સુખદ ઉકેલ ઝંખતો હોય છે. સુખદ ઉકેલ લાવવા આપનું સ્મરણ, સ્તુતિ, પ્રાર્થના, વંદન, પ્રણામ પૂરતા થઈ પડે છે અને ક્ષણવારમાં સુખ—કૃપાનો વરસાદ વરસી પડે છે. આપનું જીવન બાહ્યદ્રષ્ટિએ કેટલું સરળ, સાદુ, કૃપાળું અને પવિત્ર છે! આંતરિક દૃષ્ટિએ પરમાત્મા પોતે જ પ્રગટ થઈને અસલ રૂપ છૂપાવીને લીલા કરી રહ્યા છે. તેનો ખ્યાલ નજીક જનારને જ આવે છે.

આપના સંકલ્પ માત્રથી ધન્યતાના સાગરમાં ગરકાવ થઈ જનારા જીવો મસ્તી માણવા લાગે છે. પત્થર હૃદયમાં પણ વેદ—ઉપનિષદોનો શ્લોકો—ઋચાઓ સ્ફુરવા લાગે છે.

આપની અપાર કરુણાને કારણે જે જીવ આપના અંકે આવે તે તો ધન્ય જ થઈ જાય છે અને અન્યોને શાંતિના પથ પર ચાલવા મદદરૂપ થવા લાગે છે. આપનો મહિમા અપરંપાર છે.

ભૌતિકતાની દુનિયામાં આપના શરણે આવનાર જ સુખી છે, શાંત છે, સમૃદ્ધ છે અને ભાવુક છે. અશાંતિ, અસુખ અને અસુરના તાંડવમાં પણ આપના બાળકો ‘તુ ચિંતન કર એ (પૂ.મા) ચિંતા કરશે’ ના મંત્રના ફળનો આસ્વાદ માણવા મસ્ત બની જાય છે.

મંદિરમાં મૂર્તિ હોય છે. ભક્ત ભાવ રેડીને પોતાની બનાવે છે. ભાવ પ્રગટાવીને સમર્પિત થાય છે. પણ આપની પાસે આવનારા બાળકોને આપ જ ભાવના—પ્રેમના સાગરમાં સ્નાન કરાવી દો છો. બાળકે તો આપની પાસે આવવાનો કદાચ પ્રયત્ન કરવો પડતો હશે, તે પણ આપની કૃપાથી જ.

જીવન વિશુદ્ધિના યજ્ઞમાં આપની કૃપા, આપની રોજનીશી, આપનો બોધ, આપનું માર્ગદર્શન, આપે રચેલાં પદો, આપે રચેલી પ્રાર્થનાઓ, સ્તવનમાળા, મંત્ર, અરે આપેલ દર્શન, સ્વપ્નદર્શન પણ—સહાયક ઉત્તમ સાધન—કૃપા પ્રસાદ બની રહે છે. જેની જેવી શ્રદ્ધા તેવું તેને સાધન આપવામાં આપ કુશળ અને સરળ છો.

વ્યવસ્થાપન–Management–અત્યારના સમયમાં સમસ્યારૂપ બની ગયું છે. પણ આપની પદ્ધતિનું વ્યવસ્થાપન, ભાવવાહી સંબંધ, નિર્વ્યાજ પ્રેમ, સમગ્ર દુનિયા પોતીકી, અખંડ વૈરાગ્યભાવ છતાં પણ સહુના હૃદયમાં વાસ, સૌની સમસ્યામાં સહભાગીપણું. આ બધું જીવન જીવનારને રસાળ બનાવી દે છે. ત્રિતાપથી તપેલાને વડલાની શીતલતા ત્વરિત મળે છે.

ભગવાન સાથે સીધો સંબંધ, કાંઇ આંડબર—પંડિતાઇ, નહીં, વિદ્વતાનો દેખાડો નહીં. પ્રાર્થના, મંત્ર, પ્રણામ, ઉપવાસ અને એવા એવા કેટલાંય સાધનો દ્વારા પ્રભુનો આભાર માનવાની કલા અને છેલ્લે સ્વયં પ્રભુ હોવા છતાં પણ કોઇ પ્રચાર કે પ્રસાર નહીં. 'શરણે આવે તે ઉગરે, બાકીના ઉગરે સંકલ્પે.' આવું જીવન. આવા જીવનની કથાના કોઇ એક બે પેઇજ વાંચે, વિચારે, અમલ કરે તે તરત જ તરે, ઉગરે ને પાંગરે.



ભારત વર્ષના ભાગ્ય, તેના પર આપ જેવા મહાનની કૃપાથી, અવતરણથી મળેલી સુગંધથી પ્રભુ પ્રેમીઓ ભાવવાહી બનીને ઉપકૃત થાય છે. ગુલાબના છોડે પુષ્પ ખીલે છે, મંદિરમાં મૂર્તિ છે. પુષ્પ બનાવ્યું પ્રભુએ, એટલે તે સ્વયંને ખીલીને—ચડી ચૂકે છે પણ જ્યારે કોઇ હૃદયમાં ભાવ જાગે, પુષ્પને ચૂંટે અને પ્રભુના શિરે ચડાવે ત્યારે 'નિતરતા ભાવને' માણવા પ્રભુ પણ હરખાઇ જાય છે. એમ આપ જનની, જગન્માતા બનીને, અમ જેવા કેટલાંય બાળકોના જીવન કંડારો છો અને આપની પાસે રાખીને સુગંધિત કરો છો.

કોઇ દવા નહીં, અનાજ નહીં, એકાંતરે દિવસે પાણી નહીં, પોષકઆહારના વિજ્ઞાને કરેલી ભલામણ મુજબનો આહાર નહીં છતાં પણ શરીર ઉર્જામય, સ્ફુર્તિલું, ટકાઉ, થાક નહીં ને કંટાળો પણ નહીં. આવું આપનું શરીર જે વૈજ્ઞાનિકો માટે પડકારરૂપ છતાં પણ ગીનીસ બુકમાં નામ નહીં ને નોબેલ પ્રાઇઝ પણ નહીં. આતો અનંતની લીલા. પરમાત્માની લીલા.

અપરિગ્રહની પરાકાષ્ટાએ પહોંચેલું જીવન. પ્રસાદ, કાજુ—બદામ, ફળો, ભેટ, સોગાદ, નાણાના ઢગલા છતાં તેનો પોતાના માટે કોઇ ઉપયોગ નહીં, સર્વ કાંઇ બીજાના માટે. યજ્ઞમાં આહુતિ આપીએ તો ધુંવાડો થઇ જાય. અહીં તો યજ્ઞનું નવું રૂપ. જે કંઇ આવે તે લોકકલ્યાણના માર્ગે જ વપરાય. સુપાત્રે વહેંચાય. જે પ્રાપ્ત કરે તે ધન્ય થઇ જાય, તરી જાય, શાસ્ત્રે બતાવેલ, સંતે કંડારેલ માર્ગે ચાલવાનું ભાથું મળી જાય. આવું આપનું જીવન. ધન્યતાના શિખરે પહોંચેલું જીવન.

આયોજન કરીને કોઇપણ કામ થાય. પંચવર્ષીય યોજના

બને, નાણાં ભંડોળ એકત્રિત થાય. અમલ થાય અને સફળતાનો આંક મંડાય. આવું આધુનિક વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ, નેતાઓ, આયોજકો, અમલદારો અને સંસારીઓનું જીવન અને કવન. પણ આપે નવો રસ્તો બતાવ્યો. આયોજન પાછળ સમય, શક્તિ કે નાણાની બરબાદી નહીં. પ્રભુને પ્રાર્થના, સંકલ્પ, અને આપની સ્લેટ (વાણી) પર ઉપસતા શિલાલેખ. અને તેનું અનુસરણ એટલે જ સંકલ્પ કરેલ વસ્તુ, મકાન, શિલ્પ, તીર્થનું પ્રાક્ટય. ભારતની સ્વતંત્રતાના દિવસની ઉજવણી હોય કે યોગતીર્થની સજાવટ હોય. સર્વ પ્રસંગે, સ્વરૂપે નવી જ દૃષ્ટિ, નવી જ આંખડી. એટલે જ 'નવી જે આંખડી આપે યુગોના કષ્ટને કાપે' પદપંક્તિ જીવંત બનીને રાહ બતાવે છે, કલિકામાંથી ફુલ ક્યારે બની જાય છે ને ક્યારે સુગંધ આપી જાય છે. તેની કોઈને ખબર પણ પડતી નથી. એવી જ રીતે ચિત્તમાં ક્યારે માના સ્મરણના, મંત્રના, દર્શનનો, સ્પર્શનના, સુગંધના બીજ રોપાઈ જાય, વૃક્ષ પાંગરી જાય અને શીતલતા આપવા લાગે તેનો ખ્યાલ ન આવે. પણ આ બધી પ્રક્રિયા પાછળ જગન્માતા શ્રીસર્વેશ્વરીમાનો પ્રેમાળ હાથ, સંકલ્પ, શીતળ છાંયો, નિર્વ્યાજ પ્રેમ, અમોઘ શક્તિ હોય છે.

આપના પ્રાકટ્યદિને આપનું સ્મરણ કરવા, આપના દર્શન કરવા, આપની કૃપા પામવા હૃદયમાં ઉઠતા ભાવોને શાહીથી સફેદ કાગળને રંજિત કર્યો અને આપના સુધી પહોંચાડવા પ્રયાસ કર્યો છે. અમારી અશુદ્ધિ, નિર્બળતા, દુષણો અગણિત છે. આપ મા છો, પ્રભુ છો, ભગવાન છો, પરમાત્મા છો, પરમશક્તિ છો, સર્વકાંઈ છો. ક્ષમા કરી દેજો અને ભાવોને સ્વીકારીને



આશિષ ધરજો. આપની દિવ્ય લીલામાં સહભાગી બનાવ્યા એટલે તો ધન્યતા અનુભવાય છે. દુનિયામાં કોઈને કોઈ પોતાના હોય છે એટલે આનંદ હોય છે અમને સતત એમ થયા કરે છે કે અમારે ભગવાન સાથે સીધો સંબંધ છે, સીધો વાર્તાલાપ છે. આવો નશો, ભાવ, પ્રેમ સતત આપના ચરણોમાં વહ્યા કરે, ક્યારેય પણ આ ભાવમાંથી બહાર ન આવીએ એવી કૃપા કરજો.

ક્ષણે ક્ષણે આપનું સ્મરણ અમને, અમારા પરિવારને, જેને જેને આપના ગુણાનુવાદ સંભળાવીએ તેને રહે તેમ કરજો.

મધુ, કૃતિ, કૃપા, સુકન્યા, મહેશ, અમારા બા, ભાઈ, મહેશના બા, જસ્મિતા (મહેશના પત્ની), હિતેશ, સર્વના કોટિ પ્રણામ.

ડૉ. જાગાણીના કોટિ પ્રણામ.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# હિમાલયના પત્રોમાંથી

**–પૂ. શ્રી યોગેશ્વરજી**
**વડોદરા.**
**તા.૪.જાન્યુ.૧૯૪૧.**

હિમાલયના પત્રો વાંચતાં આ પત્ર વાંચ્યો તે ૧૯૪૧નો છે તેમાં પૂ.શ્રી યોગેશ્વરજી અને શ્રી નારાયણભાઇ જાનીની આત્મિયતા કેવી છે તેનું દર્શન થાય છે તેમજ તેઓની અઢાર વર્ષની વયે પણ ભારત અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ તેમજ કેવી સરસ આધ્યાત્મિક સમજ તેઓમાં હતી તેનું દર્શન આ પત્રમાં થાય છે તે વાંચતા મને જે આનંદ થયો તે અધ્યાત્મનાં વાંચકોને પણ થાય એ ભાવથી એ પત્ર અહિયા રજૂ કર્યો છે.

**–આશિષ ગોહિલ**

ભાઇ નારાયણ,

પત્ર વાંચીને આનંદ થયો. હજુ શ્રી અરવિંદનો પત્ર મળ્યો નથી. અધીરાઇ વધતી જાય છે. થાય છે કે જલદી ઉત્તર આવે તો સારું. પરીક્ષા પાસે હશે. અભ્યાસ કર્યો હશે. સફળતા ઇચ્છું છું. મિત્રોને વંદન કરું છું.

જ્યારે જ્યારે જગતમાં વેરઝેર વધ્યાં છે ને અધર્મને ઓથે અનેક જાતની જ્વાલાઓ ઉત્પન્ન થઇ છે ત્યારે ત્યારે ભારતના ભવ્ય ભાલમાંથી એકાદ કિરણ છૂટ્યું છે. જગતને જ્યારે જરૂર પડી છે ત્યારે ભારતે તેને જીવન આપ્યું છે. જ્યારે માનવતાનો છેક જ ધ્વંસ થયો છે ત્યારે ત્યારે ભારતના તપસ્વીનાં પગલાંથી



પુનિત એવા પ્રદેશમાંથી એકાદ ધર્મમૂર્તિનો સ્વર બહાર આવ્યો છે. છેલ્લાં સો વર્ષનો આપણો ઇતિહાસ જોતાં જણાશે કે દયાનંદ, રામકૃષ્ણ, વિવેકાનંદ, રામતીર્થ ને તે પછી ગાંધીજી, અરવિંદ, ને ટાગોર—એ મહાપુરુષોએ હિંદને ઉન્નત રાખવામાં ફાળો આપ્યો છે. આ બધા પરથી જણાય છે કે ભારતનું ભાવિ ઉજ્જવલ છે ને તેના સુવર્ણકાળની ઉષા પ્રગટી ચૂકી છે. (ખરી રીતે જોતાં તો આજે જેટલી ધર્મની જરૂર છે તેટલી બીજા કોઇ કાળે ન હતી.) એ ધર્મમૂર્તિ તો છે, ને હશે, પણ એની ધર્મયુદ્ધમાં અનેક સૈનિકોની જરૂર પડશે, જેવી રીતે રામને વાનરોની જરૂર પડેલી. એવે વખતે સાગર પરનો પુલ બંધાતો હતો ત્યારે પેલી ખીસકોલીએ જેમ થોડીક રેતી મૂકીને જ કૃતકૃત્યતા માની હતી તેમ આપણે પણ એ વિરાટ કાર્યમાં થોડાક પણ મદદગાર થવા અત્યારથી જ ઉદ્યત થવું જોઇએ. આપણા આત્મબળને જ આપણે ખીલવવું જોઇએ અને આપણી સંસ્કૃતિને પૂરેપૂરી સમજી લેવી જોઇએ.

સર્વ ધર્મોનો સાર એ જ છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, તિરસ્કાર, અશાંતિ, વાસના, ઇન્દ્રિયોની ગુલામી વગેરેમાંથી મુક્તિ મેળવવી ને પ્રેમ, શાંતિ, દયા, પરોપકાર, અભય વગેરે હૃદયથી રંગી દેવાં. જેટલે અંશે આપણે એમ કરી શકીએ તેટલે અંશે આપણે જીવ્યું સાર્થક કહેવાય. આટલું આપણે કરી શકીએ, ને કોઇ પણ કરી શકે છે, તો આપણે મહાનમાં મહાન થઇ શકીએ, કેમકે મહાન પુરુષો બીજું કાંઇ નહિ પણ આમાંના એકાદ બે ગુણોના વિકાસાવનારા જ હોય છે. દાખલા તરીકે

ગાંધીજી સત્ય ને અહિંસાના પૂજારી છે. નેપોલિયન અભયનો પૂજારી હતો. સિકંદર સાહસનો હતો. ઈશુ એ પ્રેમ ને સ્વાર્પણની પ્રત્યક્ષ પ્રતિમા હતી, ને એવી જ રીતે બુદ્ધ એ ત્યાગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અથવા અનુકંપાના અવતાર હતા. એક ગુણના બળથી બીજા ગુણો આપોઆપ આવે છે. આપણે શુદ્ધિનો યત્ન કર્યા જ કરીએ એ બહુ સારું છે. એ પ્રયાસ એવો છે કે જે એને આચરશે તે પોતાના હૃદયમાં સ્વર્ગ ઊતરેલું જોશે. સુખને માટે, પછી તે વ્યક્તિગત હોય, સામાજિક હોય, કે આખા જગતને લગતું હોય, આના વિના કોઈ પણ મહાન ઉપાય છે નહિ. હિટલર આટલો મહાન છે તેનું કારણ તેનામાં અવગુણ વધ્યો છે એ છે. એ દિશા અવળી છે. એટલે જીવનમાં આપણે ગમે તે કરતા હોઈએ, કુટુંબનું સુખ જોઈતું હોય તો પણ, આ ગુણો સાધવા તરફ આપણી દૃષ્ટિ રહેવી જોઈએ. જેને જેને સાચી શાંતિ જોઈતી હશે તેણે એકવાર તો તેમ કરવું પડશે.

પુસ્તકોમાંથી પૂજાલાલનો કાવ્યસંગ્રહ ‘પારિજાત’ સારો છે. ‘બુદ્ધ ને મહાવીર’, ‘જીવનશોધન’, ‘કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ’ એ પુસ્તકો વાંચવા જેવાં છે. કંઈ નહિ તો વિવેકાનંદના વ્યાખ્યાનો ઉત્તમ છે. હમણાં મેં ‘સત્યાગ્રહ ને અસહયોગ’ વાંચ્યું છે. બહુ જ સુંદર છે. દરેક વાંચવા જેવું છે. એમાં ભારતના પ્રાચીન ગૌરવનો ઈતિહાસ આલેખ્યો છે. ભારત કેટલું બધું ઉન્નત હતું! ભારતનાં બાળકો કેવાં હતાં, જીવન કેવાં હતાં! ભારતની શિક્ષણપ્રથા, લગ્ન સંસ્થા, સામાજિક વ્યવસ્થા, રાજકરણ પ્રથા, બધું ઉત્તમ હતું. શિલ્પ, સંગીત, ચિત્ર,



જ્યોતિષ, બધામાં ભારત આગળ હતું. રસાયન, ઔષધિ, આધ્યાત્મિકતા, એમાં ભારતે ખૂબ જ પ્રગતિ સાધી હતી. ભારતમાં વીર હતા, સતીઓ હતી. ભારતનું ઋષિત્વ હવે રહ્યું નથી. જન્મભર બ્રહ્મચર્ય પાળનારા યુવાનોને બદલે હવે નપુંસક જેવા યુવાનો રહ્યા છે. લગ્નસંસ્થાની પવિત્રતા પણ ઓછી રહી છે. સામાજિક સુધારો, કેળવણી, ચારિત્ર્ય, દરેક બાબતમાં આપણે પાશ્ચાત્ય પવનથી રંગાવા માંડ્યા છીએ. આના જેવું ખરાબ કંઈ નથી. આપણે સત્વરે શરીરને સુધારવું જોઈએ, ઋષિનું જ્ઞાન લેવું જોઈએ, હૃદયના ગુણો ખીલવવા જોઈએ, તો જ આપણે સાચા સ્વદેશી કહેવાઈશું. હિંદની ભૂમિ પર જન્મ લઈને જે પોતાનું જીવન વ્યર્થ વિવાદ, ખાવું, પીવું ને મરવું તથા ઈન્દ્રિયોના વિલાસો પાછળ જ ગાળે છે, તેના જેવો અધમ બીજો કોઈ નથી. આ બધું જલદી સમજાય તેમ સારું. હજી ઘણા આ સમજતા નથી. આપણે કયાં સુધી ઊંઘીશું?

અભિમાનના આઠ પ્રકાર છે : સત્તાનું અભિમાન, સંપત્તિનું અને સંતતિનું અભિમાન, બળનું અભિમાન, રૂપનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્વત્તાનું અભિમાન અને કર્તૃત્વનું અભિમાન. પરંતુ “મને અભિમાન નથી” એવો દાવો કરવો એના જેવું ભયાનક અભિમાન બીજું એકેય નથી.

—વિનોબા ભાવે

# વિદેશથી માત્ર સ્વર્ગારોહણમાં જ રહેવા આવેલા બાળકોના પ્રતિભાવ

–વિરેન ખેર, ઈશાન ખેર

(Pinakinbhai and his two sons came to swargarohan from America & they have narrated their experiences in writing Out of them we have selected the article of Viren Kher. Which includes the experiences of the whole family.

**–Editor)**

Jay Krupalu Maa,

Dear Maa,

First of all, I want to thank Maa for this entire trip in Swargarohan. Her krupa was showered upon us because were able to come here at this time when Maa is here. We arrived in Swargarohan on the 24th of December 2015 and our last day shall be on the 5th of January 2016. In total, we stayed in Swargarohan for the 13 days.

Everthing in Swargarohan was perfect from the satsang hall, the Kutiya, sarodadham and the park. We had so much fun! We also met good friends like Aman, Nitya, and Drashta. We played with them a lot and also went to different places with them.



But we also kept track of our niyams. My niyams were; 108 pranam, 51 pradkshina, and 51 mala. Even after my niyams my legs would hurt alot, but I would still do my sadhana.

My daily schedule was pretty simple: I would wake up everyday at around 6:00. We would do satsang at 7:00. We do dhyan and prabhat ferry, and then do pranams and prathnas, Then, after that we would have brekfast, I would do my niyams. Then, there would be satsang. During satsang, we would do a pravachan of Prabhuji and then we would sing dhunes and bhajans. Maa would come and we would listen the diaries that Maa has written.

Satsang would then end and we would have lunch after that. The food is very good in Swargarohan. After, I Would either finish up my niyams or read my book. I am reading book called Proof of Heaven. It is about a doctor who gets sick and goes into a coma for 7 days. During that time, he visits a so-called heaven. It is a very nice book. Then, we would do pradakshina of Yogtirth a Tirth. It is a time where I can see all of the things that Maa has saved of Prabhuji. I like going into Yog Tirth because there is always somthing new to look at. Then I would go back into the Kutiya and finish up my sadhana and reading. We would have dinner after that.

After dinner, we wuold an extra hour to do sadhana or play. Then we wuold have satsang at 8:00 at night. Sometimes Maa would come. We would read from Maa's diaries and then watch videos. Then the day would end.

During our stay in Swargarohan, Maa sent us to go differnt places. One day, went to the Ambaji Temple. The entire top of the temple was coverd with pure gold. Inside, there was a murti of Jagdamba Mata, That was just one of the places we went to.

Another day, we went to Gabbar and the Shakti Peeth. Gabbar is a big Mountain with a temple at the top. When we went, We took a ropeway all the way to the top. The view was beautifull. All around Gabbar, there are 51 small temples called Shakti Peeth. We visited to six of them.

We also went Ahmedabad to see Satya Path. It is an apartment that Prabhuji had brought for Maa to stay. We had satsang and we were able to stay. We saw Prabhuji's and Maa's rooms and saw Sai Baba's murti.

We went to the Sabarmati Ashram on the same day. We saw where Gandhiji had stayed with Kasturba. We also saw the Sabarmati river.

One of the most important places we went to



was Saroda. Saroda is so important beacuse that is where Prabhuji was born and raised. When we where there, We felt like Prabhuji was watching us and listening to us. We did bavani, Varad Hasta, and 54 of Prabhuji's names. We also collected soil from Saroda.

On the last day of 2015, December 31st Morning we did a satkarma to all the people who carry Firewood to sell, and on the first day of 2016, January 1st, we did a tree planting in Swargarohan. Some thing I learned in Swargarohan is that there are many things to do than just watch TV or play videogames all day. You can play do sadhana or dhyan, read and many other things. Another thing I learnt is that I should do a whole day of maun ekant every 2 to 3 weeks. It gives me mental peace and time to think.

I definitely do want to come back again because I want to have darshan of Maa and this time I will bring the entire Fulwadi! Thank you for everything, Maa. I had so much fun and I really like Swargarohan. Please give me your blessing so that I can come here again and again every year.

**Love,**

**Viren and Ishan**

# ચમત્કારો તો પહાડ જેવા જૂના છે

મૂળલેખક : શ્રી દીલીપકુમાર રાય
અનુવાદક : શ્રી રમણલાલ સોની
સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડીયા

પાત્ર પરિચય :—શ્રીકૃષ્ણપ્રેમઃ—જન્મે અંગ્રેજ, નામ રોનાલ્ડ નિકસન. કેંબ્રિજના પદવીધારી. યુરોપના વૈજ્ઞાનિક જડવાદમાં તેમણે વિશ્વાસ ગુમાવ્યો હતો, તેથી યોગ—સાધના કરવા તેઓ ભારતમાં આવ્યા હતા. લખનૌમાં અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર થયા. લખનૌ યુનિવર્સિટીના તે વખતના વાઈસ ચાંસેલરનાં પત્ની શ્રીમતી મેનકાદેવીના સંપર્કમાં આવ્યા. મેનકાદેવી સંન્યાસિની બની 'યશોદા મા' બન્યાં અને રોનાલ્ડ નિકસન સંન્યાસ લઈ તેમના શિષ્ય થયા. યશોદામાએ તેમનું નામ કૃષ્ણપ્રેમ પાડ્યું.

૧૯૨૩ના સપ્ટેમ્બરની વાત છે. દશેરાને હજી વાર હતી. લખનૌ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તીના નિમંત્રણથી હું (શ્રી દિલીપકુમાર રાય) એમને ત્યાં મહેમાન હતો. શ્રી જ્ઞાનેન્દ્રનાથના નિમંત્રણનો મેં ખૂબ ઉત્સાહથી સ્વીકાર કર્યો હતો. ખાસ તો એટલા માટે કે ત્યાં નિકસન હતો, અને નિકસનની સોબત મને ગમતી હતી. આ નિકસન એ જ કૃષ્ણપ્રેમ.

લખનૌમાં કૃષ્ણપ્રેમના બે અંતરંગ મિત્રો હતા. એક હતા ડૉ. જય ગોપાલ મુખર્જી જેઓ આગળ જતાં મારા પણ નિકટના સ્નેહી બની ગયા હતા. અને બીજા હતા જાણીતા પ્રોફેસર ધૂર્જટિપ્રસાદ મુખર્જી. જેઓ મારા (દિલીપકુમાર રાયના) જૂના મિત્ર હતા. પૂરેપૂરા બુદ્ધિવાદી, તર્કવાદી અને મૂર્તિભંજક. એક દિવસ અમે બધા ચા પીતા હતા. ત્યાં અચાનક ધૂર્જટિએ 'દૈવી ચમત્કારો'ની વિરુદ્ધ યુદ્ધ પોકાર્યું અને ભાષણખોરની પેઠે મેજ પર જોરથી હાથ પછાડી કહ્યું. 'હવે દૈવી ચમત્કારો બનતા એકદમ બંધ થઈ ગયા



છે, કારણ કે વિજ્ઞાને એની પોલ ઉઘાડી પાડી દીધી છે.' સાંભળી કૃષ્ણપ્રેમે ધીમેથી હસી કહ્યું. 'વિજ્ઞાનનો જન્મ હજુ હમણાં થયો, જ્યારે ચમત્કારો તો પહાડથી જૂના છે. વિજ્ઞાન તો ધાવણું બચ્ચું છે, જ્યારે ચમત્કારો તો યુગોના યુગો થયાં જીવે છે. ધાવણું બચ્ચું વળી વડીલની પોલ શું ઉઘાડી પાડવાનું?' આમ કહી તેમણે પોતાના જ અનુભવની એક વાત કરી.

તેમણે કહ્યું, 'પ્રથમ વિશ્વયુદ્ધ વખતે હું વિમાનચાલક હતો અને મારું કામ દુશ્મનપ્રદેશ પર બોમ્બ ઝીકવાનું હતું. એક દિવસ હું દુશ્મનોની હીલચાલનું નિરીક્ષણ કરવા ઊડતો હતો, ત્યાં મેં પાંચ સાત ફાઈટર વિમાનોને ઊડતાં જોયાં. હું સમજ્યો કે એ અમારા પક્ષનાં એટલે કે રોયલ એરફોર્સનાં વિમાનો છે, તેથી એમની તરફ જવા હું મારા વિમાનને જમણી બાજુ વાળવા ગયો, ત્યાં તો કોઈ અદૃશ્ય શક્તિએ જોરથી મારું કાંડુ પકડ્યું, અને વિમાનને એકદમ ડાબી બાજુએ વાળી દેવડાવ્યું. હું તો મૂઢ જ બની ગયો કારણ એ શક્તિ એટલી બધી ચોક્કસ હતી કે એના વિષે શંકા કરી જ ન શકાય. માન્યામાં ન આવે એવું એ સત્ય હતું. થોડી પળમાં તો હું જ્યાંથી ઊપડ્યો હતો ત્યાં પાછો આવી પહોંચ્યો. મને જોઈ મારા સાથીદારો કહેવા લાગ્યા કે સારું થયું, તું તરત પાછો આવી ગયો. એ દુશ્મનોના વિમાનો હતાં. હવે મને ભાન થયું કે હું ચમત્કારીક રીતે બચી ગયો છું. દોસ્ત ધૂર્જટિ આ વાત માનો કે ન માનો, પણ આપણી ધારણા બહારની કોઈ શક્તિએ જ આ ચમત્કાર સરજ્યો હતો એ વિષે મને કોઈ શંકા નથી. મુસીબત માત્ર એ છે કે નજરે દીઠું મનાય, સાંભળ્યું મનાય નહીં. આપણા લોકને આંખનો ભરોસો છે એટલો કાનનો નથી. ખાસ કરીને એવા લોકોને, જેઓ પોતાનાં વહેંતિયા મગજથી બધું માપવા માગે છે, અને માપી શકતા નથી ત્યારે એની ઠેકડી ઊડાડે છે.'

# સંતવાણી કૃતિ પરિચય

—પ્રો. તરલા દેસાઈ

શ્રી સંતવાણીનું પુસ્તક વાંચકોને પ્રાપ્ત થયું તેમાં પ્રો. તરલાબેન દેસાઈનો મહત્ત્વનો ફાળો છે. તેમાં રજૂ થયેલાં ગીતોનું રસદર્શન પણ તેઓએ પ્રારંભમાં સરસ રીતે કરાવ્યું છે. પૂ.મા સર્વેશ્વરીના પ્રયત્નો સિવાય પૂ.શ્રીનો આ અક્ષરદેહ સરસ રીતે સચવાયો ના હોત. તેને પ્રસિદ્ધ કરવામાં આર્થિક સહયોગ શ્રી શારદાબેન શાહ તથા શ્રી રતિભાઈ શાહનો પ્રાપ્ત થયો છે. તે માટે તેઓ શ્રી યોગેશ્વર પરિવારનાં અભિનંદનનાં અધિકારી બન્યા છે. તેઓનું સર્વપ્રકારે મંગલ થાઓ એવી શુભકામના સાથે.

—તંત્રી

## ॥ કૃતિ પરિચય ॥

## વિરકત હૃદયનો છલકતો પ્રભુ અનુરાગ

ઈ.સ. ૧૯૪૩માં હિમાલયના દશરથાચલના પોતાના નિવાસ દરમ્યાન રચાયેલા 'સંતવાણી' કાવ્યસંગ્રહને શ્રી યોગેશ્વર યોગ્ય રીતે 'દશરથાચલની રચના' તરીકે ઓળખાવે છે. આ જ્ઞાનભક્તિસભર રચનાઓ શ્રી કૃષ્ણ, શ્રી રામ, શિવ તેમજ મા જગદંબાનાં સ્વરૂપોને સમર્પિત છે.

શ્રી યોગેશ્વર લખે છે : 'આમાંનાં કાવ્યોમાં કોણ જાણે કેમ પરંતુ લગભગ દરેક જગ્યાએ 'સંત' એવું આવી ગયું છે પરંતુ તેથી કોઈએ એમ સમજી લેવાનું નથી કે, એનો લખનારો સંત



છે.' આમ, રચયિતાનો સંત હોવાનો દાવો નથી છતાં એમના સંતત્વની ખૂશ્બુ '૧૭૩ પ્રેમભક્તિનાં પુષ્પો'માં અનુભવાય છે, એની પ્રતીતિ 'સંતવાણી'નાં કાવ્યોમાં સીધી થાય છે. જેમ કે;

★

**'સંત મારો ડૂબકી ને સદ્ય ખોઓ આપ**
**ધન્યતા અનુભવો મોતી આવે આપોઆપ.'**

★

**તપી તપી મરે, જપી જપી જલે થાય ન તોય પ્રકાશ,**
**પ્રભુની કૃપા વિના ન મળે કદીયે કોટિ ઉપાય**

★

**ગોવિંદની પ્રીત કાંઈ નથી પરિમિત**
**મસ્ત બનીને મ્હાલ, એમાં ઝીલાયે તે ઝીલ.**

★

'ઈચ્છા એક જ છે મારી' કાવ્યમાં કવિ કહે છે :
**'જયમ ચાતક તલસે જલ, ચંદ્ર ચકોરી, કામ જ કામી.**
**તેમ તલસું તમકાજ, આશ તમપ્રેમ એ જ હો મારી.'**

પ્રભુપ્રાપ્તિની ક્ષણે કવિચિત્ત અનુભવ છે; 'મળ્યા જગતના સ્વામી એમાં આવ્યું અમારે સર્વ સાથ.'

આ ધન્ય ક્ષણનું રહસ્ય કેવળ પ્રેમ છે એ સ્ફુટ કરતાં કવિ કહે છે : 'યોગમાં પ્રેમયોગ, સમગ્ર જગત જેમને વશ તે પ્રભુ પણ પ્રેમથકી વશ થાય.'

**'લાખો યોગ કરે, કોટિ કરે અનુષ્ઠાન દિનરાત**

**પ્રેમપુકાર પડે તો જ મળે અંતે એ રસરાજ'**

સર્વ સારનો સાર સ્પષ્ટ કરતાં કવિ કહે છેઃ

**'પ્રભુ એ પ્રેમ, પ્રેમ એ પ્રભુ, બે એક તત્ત્વનાં નામ.'**

**'શામળિયો સ્નેહથી સંત મળશે.**
**માળા ફેરવે, હઠજપ કરે ને દ્રઢ આસન ઓરડીમાં વાળે**
**તિલક કરે, વળી તુલસી રાખે, એથી શ્યામ કદી છેતરાશે?'**

આમ, લગભગ દરેક કાવ્યમાં છલકતું સંતત્વ 'સંતવાણી' શીર્ષકને અનાયાસે સાર્થક કરી રહે છે.

**'ના બુદ્ધિ અહીં આવી શકે, ના સૂર્યચંદ્ર તપી શકે**
**નક્ષત્ર, ગ્રહ કે વીજળી આ સ્થળે નહીં ચમકી શકે.**
**પોતાથકી જ અરે, પ્રકાશિત આ સ્થાન છે.**
**પોતાનામહીં જ વિરાજતો આ અમરશો આલાપ છે.'**

'ૐ તત્ સત્'નો આવો અનન્ય મહિમા જેમની કવિવાણી કરી રહે, એ શ્રી યોગેશ્વરની 'સંતવાણી'ને 'ઊર્મિના ક્ષણજીવી પ્રલાપ'માંથી ઊગારીને 'આત્માના અમર આલાપ'નું ગૌરવ સહજ બક્ષે છે.

શ્રી યોગેશ્વરકૃત આવી મહિમાવંતી, આગવી ગરિમાયુક્ત 'સંતવાણી' સાચે જ ગુર્જર કાવ્યગ્રીવાનું અનેરું આભૂષણ છે, સાચા અધ્યાત્મનું ઓપવંતુ ભૂષણ છે.

એક વિરક્ત હૃદયનો કૃતિનિમિત્તે છલકતો પ્રભુઅનુરાગ આપણને સહેજે મુગ્ધ કરે છે.

★



## પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે મને રંગી દેને પ્રેમરંગથી

—યોગેશ્વરજી

**પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે મને રંગી દેને પ્રેમરંગથી.**
**રાધાને રંગી ને રંગી ગોપીને,**
**એ જ એક પ્રેમના રંગથી...**

રે મનો.

**અંદરબહાર તારું રૂપ જ જણાયે,**
**છોળો મારું એમાં છંદથી...**

રે મનો.

**પાકો એ રંગ નહીં કોદી ઊડી જતો,**
**અપનાવું એ જ આનંદથી...**

રે મન.

**તારો લવારો કરું, જોયા તને જ કરું,**
**રાસ રમું મન આ પ્રસન્નથી.**

રે મન.

**સંત કહે અંગે તહારી આ શ્યામતા**
**ઊડી આવે છોને અંગથી.**

રે મન.

★

## એક પ્રેમી પૂજારણ જોતી પિયુવાટ એક આંખે

**એક પ્રેમી પૂજારણ જોતી પિયુવાટ એક આંખે.**
**કદી મટકું ના મારતી જોતી પિયુની વાટ દિનરાતે.**

હૃદયથાળ પૂજાતણો, રક્ત મહીં કુંકુમ,
પ્રસાદ એક જ ભાવનો, મંદિર વિશ્વ અનૂપ.
જ્યાં ત્યાં રોતી એ સુધબુધ ખોતી
રહી આંસુડાંની માળા પરોવી.
પિયુની વાટ.

અંગથકી પૂજા થતી, નયનચમક છે ધૂપ,
સ્તોત્ર ઊના ઉચ્છ્વાસ ને પ્રાણઅશ્રુ તે ફૂલ.
એ તો જાણે છે ચંદ્રની ચકોરી,
પ્રિયતમની સિતારી અમોલી,
પિયુની વાટ.

આજે પ્રિયતમ આવશે, આજ જરુરજરુર,
જોતી'તી બહુ રાહ એ, હવે ભૂલી છે ધૂન.
શૂન્ય જેવી પડી એ રહેતી,
પ્રેમમસ્તીમાં મસ્તાની એવી.
પિયુની વાટ.

સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# શ્રી શાંતિભાઈનું સન્માન

–શ્રી જ્યોત્સનાબહેન ત્રિવેદી

**પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા**

ઉત્સવો તો સ્વર્ગારોહણના જ. આજે એક વિશેષ ઉત્સવની ઉજવણીમાં સ્વર્ગારોહણ ડૂબી ગયું છે. આજે યોગેશ્વર પરિવારના લાડીલા શ્રી શાંતિકાકાનો ૮૦મો જન્મદિન છે. ૧૫ ફેબ્રુઆરી સોમવારના દિને ઉપરના હૉલમાં દીવડા, રંગોળી, તોરણ સ્લાઇડ શો અને શ્રી શ્રીમાએ રચેલી, માત્ર ને માત્ર તેમની માટે રચેલી ધૂનનો ઉલ્લાસભર્યો નાદ છે.

**સન્માન પ્રસંગે પૂ.માએ બોલાવેલી ધૂન**

સ્વર્ગારોહણની શાન છો આપ,
સર્વમંગલના પ્રાણ છો આપ,
જુગ જુગ જીવો સૌને કાજ,
શત શત પ્રણામ સ્વીકારો આજ.
સ્વજનોની શીળી છાંયડી છો આપ,
ઠાકુરદ્વારના પ્રસાદ છો આપ,
શાંતિભાઈની છે સૌને હાશ,
દેવવૃન્દની આપ છો આશ.

ઉદ્‌ઘોષ એ એમની સર્વ વિશેષતાને આવરી લેતો છે. ગુલાબના બે મોટા હાર અને મુગટથી તેમનું સ્વાગત કરવામાં આવે છે. ઉપરના પદમાં વર્ણવાયેલા પ્રત્યેક શબ્દની અને તેમની વિશેષતાને પ્રગટાવતા ગુણો જ્યોતને જ્યોત્સ્નાબેન તેમના પ્રવચનમાં લગભગ એક કલાક સુધી આવરી લે છે.

બ્હેન મૈત્રેયી પ્રૌત્ર શિવમ્‌ના અંગ્રેજી પત્રનું વાંચન કરી તેને

સરળ ગુજરાતીમાં સમજાવે છે. સ્વર્ગારોહણના તે સમયે ત્યાં ઉપસ્થિત અને અનુપસ્થિત સર્વ સાધકો માત્ર એક પંક્તિમાં તેમના સમગ્ર વ્યક્તિત્વનો પરિચય આપી, પુષ્પ અર્પણ કરે છે.

તેમની પૂ.શ્રી અને શ્રી ઠાકુરની વિશેષ અને અનન્ય ભક્તિ, તેમની વર્ષોની પ્રાર્થનાનું પરિણામ છે. પૂ.શ્રી ઠાકુરનું જ સ્વરૂપ છે તેની માત્ર વાતો ન કરી. પણ તે પ્રગટ સ્વરૂપને જીવન સમર્પી દીધું. ઠાકુરને ધંધામાં ભાગીદાર બનાવવાનો સંકલ્પ તેમણે જાતે કર્યો ને તેને પ્રામાણિકતાથી વળગી રહ્યા.

પહેલી વાર રામકૃષ્ણ મીશનમાં ગયા ત્યારે તેમના બધા જ ગુજરાતી પુસ્તકો ખરીદી વાંચી જીવનમાં ઘૂંટી ઘૂંટી ઉતારી દીધા. સમગ્ર જીવનને પાસા પાડ્યા. જીવનના બધા ચઢાવ ઉતારમાં સ્થિર રહ્યા.

શ્રીલાલુબ્હેન તેમનું સતત ચાલક બળ રહ્યાં. તેમના શામળિયા શેઠ, ભામાસાપણું કે દાનવીર કર્ણની દાનવીરતામાં ક્યારેય તે અવરોધક ન બન્યાં. શાંતિકાકાના વાંચનના શોખમાં પણ તે અવરોધ રૂપ ન બન્યા, પણ પડછાયાની જેમ સતત સાથે રહ્યાં.

મધ્યપ્રદેશમાં રહેતા ત્યારે રથરમણ ઘઉં પીસવા મોકલ્યા. ઘઉંનો લોટ ઘાસલેટવાળો થયો પુરુષ વર્ગને સારો લોટ ખવડાવી તે સહુ ઘાસલેટવાળા લોટની રોટલી ખાતા, પછીના તેના ઘાસલેટમય આડેકારની વાત કરી. શીવમ્‌ની રક્ષાના બે પ્રસંગોની વાત કરી. ઘરમાં ગેસની ટાંકી ફાટી નીકળી, તોપણ શ્રીશાંતિકાકા તો કામમાં મગ્ન રહ્યા. પ્રભુની સાથે યાત્રામાં શાંતિકાકા જતા ત્યારે શ્રી લાભુબેને ચાર બાળકો સાથેના પરિવારને સંભાળ્યો. **गृहिणीं गृहम् उच्चते** ઉક્તિ સાર્થક કરી બતાવી.

શ્રી વિનુભાઇ અમીન કહે સ્વર્ગારોહણ બાંધકામ વખતે જો મંજુલા બ્હેન કે લાભુબ્હેન ન હોય, તો વિનુભાઇ રસોઇ કરે ને શ્રી



શાંતિકાકા વાસણ અજવાળે. કેવી વિનમ્રતા!

શ્રી તરલાબ્હેને પણ કહ્યું આજના અશાંતિભર્યા યુગમાં શાંતિભર્યું જીવન જીવતા શાંતિકાકા સહુની પ્રેરણા છે. તેમણે દાનયજ્ઞની આપેલી આહૂતિઓની જ્યોત શ્રીવિજયભાઇએ પણ પ્રજ્વલિત રાખી છે.

કોઇપણ પર્વ સાધના સાથે જ સંલગ્ન થાય ત્યારે જ તેની સાચી ઉજવણી થાય તેવી શ્રી શ્રીમાની દૃઢ માન્યતા છે તો આગલે દિવસે સહુએ પોતાને જે અનુકૂળ આવી તેવી સાધના ૮૦ની સંખ્યામાં કરી. માળા, પ્રણામ, પ્રદક્ષિણા, બાવની, વરદ હસ્ત, રામકૃષ્ણ દેવની સ્તુતિ, અધર્મ જ્યારે પ્રસરે ધરામાં વગેરે કર્યા અને શાંતિકાકાના દીર્ઘ અને સ્વસ્થ આયુષ્યની પ્રાર્થના કરી.

શ્રી શ્રી માને તો આજે એમ થાય છે કે પોતે શું શું કરે? તેમના પર ફૂલોનો વરસાદ વરસાવે છે. શાલ ઓઢાડી તેમનું, લાભુબ્હેન, વિજયભાઇનું પણ સન્માન કરે છે. સમગ્ર દિવસમાં આજે, શ્રીશાંતિભાઇ જ છવાયેલા રહ્યા.

શ્રી શ્રી મા કહે છે આટલું કરોડોનાં દાન કરનાર આટલા નમ્ર હોય તેવું અમે આજ સુધી કદી જોયું નથી. શિવમ્‌ના શબ્દોમાં શ્રીશાંતિભાઇ સાચે જ સંત છે. તેમના અપાર ગુણોનો ભંડાર આપણા સહુમાં ઉતરે તેવી સહુ સાધકોની પ્રાર્થના રહી.

વિજયભાઇએ પણ તેમનું વ્યવસાયિક પાસું રજૂ કર્યું. શબ્દોમાં ન વર્ણવી શકાય તેવો અનેરો ઉત્સવ ઉજવાયો. શ્રીમા પ્રત્યેની તેમની અનન્ય શ્રદ્ધાનો, શ્રી શાંતિભાઇ પર પ્રેમની વર્ષા કરી, કૃપાની વર્ષા કરી, શીર્ષકની પંક્તિની સાર્થકતા કરી. આપણા સહુના લાડીલા શાંતિકાકાને પ્રભુ સ્વસ્થ તંદુરસ્ત સાધનાત્મક દીર્ઘાયુષ્ય આપે તેવી પ્રાર્થના.

# સત્કર્મપર્વના આર્થિક સહાયકો

—શ્રી રાજુભાઈ જાની

પૂ.શ્રીમા દ્વારા વિદેશની ધરતી પરનાં સ્થાનોમાં પૂર્ણ કરેલી અપ્રતિમ મૌન, એકાંતપર્વની વિશિષ્ટ સાધના દરમ્યાન શ્રી પ્રભુ સાથે તેમણે માણેલી દિવ્ય ક્ષણોનો લેખન પ્રસાદ પૂ.શ્રીમાની હરિકલમ દ્વારા પ્રાપ્ત થયો તેનું પારાયણ "હરિરસની હેલી" કાર્યક્રમ દ્વારા તા. ૧૬ જાન્યુ. થી ૨૬ જાન્યુ. ૨૦૧૬ દરમ્યાન ૧૧ દિવસ માટે આયોજિત થયું હતું.

પૂ.શ્રીમાની આ અદ્વિતીય તપશ્ચર્યાને કોઈ સાત્વિક કાર્ય દ્વારા વધાવવાના ઉદ્દેશથી, સર્વમંગલ ચેરિટેબલ દ્વારા એક પ્રાર્થના શ્રીમાની અનુમતિ માટે મોકલાઈ કે આ અગિયાર દિવસના પારાયણ સાથે સાથે બપોરના વિશ્રામ સમયે દરરોજ ૭૨ અનાથ, અસહાય, અશક્ત, નિરાધાર પરિવારોને સ્વર્ગારોહણ આમંત્રિત કરી, તેમને જીવન જરૂરિયાતની સામગ્રી જેવી કે ઘઉં, ચોખા, તેલ, ખાંડ, ગોળ, ન્હાવા—ધોવાના સાબુ, રાત્રે પાથરવા માટેની શેત્રંજી, ઓઢવા માટેનો ધાબળો, ટુવાલ, રોજીંદા ઉપયોગમાં આવે તેવું એક સ્ટીલનું પાત્ર, ચીકી—બુંદી—ચવાણાનો પ્રસાદ તથા આવવા જવાના ખર્ચ પેટે રૂપિયા ૧૦૦ આપવાનું આયોજન કરી શકાય. પૂ.શ્રીમાએ સર્વમંગલ ટ્રસ્ટના આ પ્રસ્તાવને અનુમતિ આપતાં કયા દિવસે કોની શુભ લક્ષ્મીનો સહયોગ આ સત્કર્મમાં લેવો તેની યાદી પણ આપી. જે અનુસાર તા. ૧૬ જાન્યુ. થી ૨૬ જાન્યુ. ૨૦૧૬ દરમ્યાન સ્વર્ગારોહણ તીર્થમાં જેમના આર્થિક



સહયોગથી સત્કર્મ આયોજિત થઈ શક્યાં તે સહયોગીઓની યાદી નીચે પ્રમાણે છે. આ સત્કર્મ દરમ્યાન દરેક સહયોગીઓએ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટને સત્કર્મને ખર્ચ પેટે રૂપિયા એક લાખ અગિયાર હજારની શુભલક્ષ્મી અર્પણ કરી હતી.

૧. તા.૧૬—૦૧—૨૦૧૬ શ્રી શારદાબેન (ઓરણા)
૨. તા.૧૭—૦૧—૨૦૧૬ શ્રીઠકોરભાઈ—શાંતાબેન (શેવડી, સુરત)
૩. તા.૧૮—૦૧—૨૦૧૬ શ્રીવિનોદભાઈ પટેલ તથા શ્રીપિનાકીનભાઈ ખેર (USA)
૪. તા.૧૯—૦૧—૨૦૧૬ શ્રીપદયાત્રીભાઈઓ તેમજ સાઈકલયાત્રી બહેનો
૫. તા.૨૦—૦૧—૨૦૧૬ શ્રીપ્રભાબેન પટેલ (સુરત)
૬. તા.૨૧—૦૧—૨૦૧૬ શ્રીભુપેન્દ્રભાઈ સુરા (નેત્રંગ)
૭. તા.૨૨—૦૧—૨૦૧૬ શ્રીરવિન્દ્રભાઈ તથા મુન્નીબેન (Panama)
૮. તા.૨૩—૦૧—૨૦૧૬ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ (Bostan)
૯. તા.૨૪—૦૧—૨૦૧૬ શ્રી વિજયભાઈ લાડ, (નવસારી)
૧૦. તા.૨૫—૦૧—૨૦૧૬ શ્રી હેમુબેન ભક્ત (ઓરણા)
૧૧. તા.૨૬—૦૧—૨૦૧૬ શ્રી દેવાંગભાઈ દેસાઈ પરિવાર (USA)

# અકલ્પેલ સહાય

—ડૉ. શરદ ઠાકર

(ડૉ. શરદ ઠાકરની ડૉક્ટરની ડાયરીની આ વાર્તા એ કહી જાય છે કે જીવનમાં કેટલીક ઘટનાઓ આકસ્મિક લાગે પરંતુ તેની પાછળ પરમશક્તિની કોઇ ગૂઢ યોજનાનું દર્શન થાય છે.

ત્રણ ડૉક્ટરમિત્રો પોતાના મિત્રનાં લગ્નમાં જવા ખુલ્લી જીપ્સીમાં નીકળે છે પરંતુ જરુરી ડીઝલ પુરાવવાનું ભૂલી જાય છે જેનાં પરિણામે માર્ગમાં એક ખેતર આગળ તેમની ગાડી બંધ પડી જાય છે. કદાચ આ ખેડૂત પાસેથી ડીઝલ મળી જાય તે માટે તેની ઝૂંપડી પાસે જાય છે તો ત્યાં તે ખેડૂતની પત્નિની સુવાવડ ચાલતી હોય છે. જેમાં દાયણ તે ખેડૂત સ્ત્રીનો છૂટકારો કરાવવામાં સફળ ના થવાથી નિરાશા જાહેર કરે છે. પરંતુ તે જ ક્ષણે આ ત્રણેય ડૉક્ટરો ત્યાં હાજર હોય છે જેથી આ ખેડૂત સ્ત્રી અને તેનાં બાળકનું જીવન બચી જાય છે. કેવો દૈવી યોગ પ્રભુએ રચ્યો! જેથી બંન્ને જીવો બચી ગયા. આ હકીકત નજર સમક્ષ રાખી આ વાર્તા વાંચો.) —તંત્રી

આજે સતીશના મેરેજમાં જવાનું છે તે યાદ છેને? હું ઓપરેશનમાં એકાગ્રચિત હતો ત્યારે મારા એનેસ્થેટિસ્ટ મિત્રે મને યાદ કરાવ્યું. મેં એને ટૂંકો જવાબ આપ્યો : ‘હા, યાદ છે. તારે પણ આવવાનું છે એ તને યાદ છેને?’

વર્ષો પહેલાંની ઘટના. વર્ષો નહીં પણ દાયકાઓ વીતી ગયા. હું તાજો જ એમ. ડી. થયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં નોકરીમાં જોડાયો હતો. હોસ્પિટલમાં એનેસ્થેટિસ્ટ ન હતા. જે



દિવસે ચાર—પાંચ મોટાં ઓપરેશનો રાખ્યાં હોય ત્યારે નડિયાદ કે આણંદથી એનેસ્થેટિસ્ટને બોલાવી લેતો.

એક દિવસ સવારથી હું અને એનેસ્થેટિસ્ટ ડૉ. જોષી ઓપરેશન થિયેટરમાં પુરાયા હતા. ત્રીજા ઓપરેશન વખતે ડૉ. જોષીએ મને ખલેલ પહોંચાડીને કહ્યું, ‘આજે સતીશના મેરેજ છે. તમારે જવાનું છે તે યાદ છેને?’, ‘હા, પણ મારે એકલાએ નથી જવાનું; તારે પણ આવવાનું છે. એટલા માટે તો આજે વધારે ઓપરેશનનો નથી રાખ્યાં. બાર વાગ્યે શટર બંધ! તું આવે છેને?’ મેં દર્દીના પેટની ચામડી પર છેલ્લો ટાંકો મારતાં પૂછ્યું.

સતીશ પણ ડૉક્ટર હતો. જોકે તે હવે લગ્નજીવનની ગુલામીમાં કેદ થઇ રહ્યો હતો. ઇન્વિટેશન કાર્ડ આપવા આવેલો ત્યારે ખૂબ જ આગ્રહ કરી ગયો હતો, ‘દોસ્ત, તારા વગર હું મંડપમાં નહીં બેસું. તારે મને આજીવન કુંવારો જ રાખવો હોય તો ન આવતો.’

મેં હાથમાં કાર્ડ પકડીને અંદરની ઝીણી—ઝીણી વિગત વાંચતાં પૂછ્યું હતું : ‘પણ આ વાઘપુરા ક્યાં આવ્યું?’, એણે લાંબુંલચક માર્ગદર્શક ભાષણ પીરસી દીધું હતું. મને કંઇ સમજ ન પડી એટલે કંટાળીને પાયાનો પ્રશ્ન પૂછી નાખ્યો હતો : ‘ડોબા! એક સવાલનો જવાબ આપ. તું ભણીને ડૉક્ટર બન્યો, તારા પપ્પાનો બંગલો પણ અમદાવાદમાં છે, તારા બધા મિત્રો પણ ત્યાં છે; તો પછી લગ્ન વાઘપુરામાં રાખવાનું કંઇ કારણ ખરું? અમારો તો વિચાર કરવો હતો.’

સતીશે માથું હલાવીને સંમત્તિનો સૂર પુરાવ્યો હતો, ‘વાત સો ટકા સાચી છે. મેં પણ આવું જ કહ્યું હતું, પણ પપ્પા માન્યા

નહીં. મારાં દાદા–દાદી, મોટા બાપા અને બીજા વડીલો ગામડામાં રહે છે. એમનો આગ્રહ હતો કે લગ્ન તો આપણા બાપદાદાના ગામમાં જ...'

આ રીતે અમારો વાઘપુરા પ્રવાસ ઘડાયો હતો. ડૉ. જોષીએ છટકવા માટેની દલીલ શોધી કાઢી, 'પણ હું તો પહેરેલાં કપડે આવ્યો છું. સાથે એનેસ્થેસિયાની બેગ છે.'

મેં એની છટકબારી વાસી દીધી, 'નો પ્રોબ્લેમ. વરસાદની મોસમને હજુ પંદરેક દિવસની વાર છે, પણ આજે સવારે જ માવઠું પડ્યું છે. એટલે હું બે જોડી કપડાં સાથે રાખવાનો છું. મારું શર્ટ તને આવી રહેશે. તારી સાધનોવાળી બેગ પણ તું ગાડીમાં મૂકી દેજે. પાછા વળતાં તને એસ.ટી.સ્ટેન્ડ ઉતારી દઇશું.', 'અરે વાહ! તમે નવી કાર ખરીદીને કંઇ?', 'ના, કાર મારી નથી; ડૉ. પરીખની છે. એ અમદાવાદથી આવ્યા છે. દર શુક્રવારે અહીં આવે છે. ડૉ. સતીશે એમને પણ કંકોતરી આપી છે, એટલે આપણે ત્રણ જણા સાથે જ નીકળીશું.', 'ભલે.' ડૉ. જોષી તૈયાર થઇ ગયો; 'ક્યારે નીકળીશું?'

'જ્યારે પીડિયાટ્રિક ઓ.પી.ડી. પૂરી થાય ત્યારે. આપણે તો હવે દાવ ડિક્લેર કરી જ નાખ્યો છે.' મેં ગ્લવ્ઝ અને ગાઉન ઉતારતાં જવાબ આપ્યો. લગભગ દોઢ વાગ્યે બાળકોનો વિભાગ બંધ થયો. ડૉ. પરીખ ગાડીમાં બિરાજ્યા. એ કારને બદલે રૂફ વગરની જીપ્સી લઇને આવ્યા હતા. અમે ત્રણેય એમાં સવાર થઇને ઊપડ્યા.

'પરીખ, મને એક જ વાતની ચિંતા છે.' મેં ગોરંભાયેલા આકાશ સામે જોઇને વાત શરુ કરી. 'શું છે?', 'આ માવઠું



ક્યાંક આપણને હેરાન ન કરે તો સારું.', 'તું ચિંતા ન કર. જીપ્સીનું રૂફ હું સાથે લઇને નીકળ્યો છું. આપણે પલળી નહીં જઇએ.' ડૉ. પરીખનો જવાબ સાંભળીને હું આશ્વસ્ત થયો, પણ કાળાં ડિબાંગ વાદળોના કારણે ભરબપોરે વાતાવરણ આથમતી સાંજ જેવું બની ગયું હતું. વેરાવળના દરિયાકાંઠે વાવાઝોડું આવવાની ચેતવણી અપાઇ રહી હતી એ દિવસો હતા. ખારવાઓને હોડીઓ લઇને સમુદ્રમાં જવાનો મનાઇ ફરમાવવામાં આવી હતી અને અમે ત્રણ મરજીવાઓ જીપ્સીમાં સવાર થઇને અમારા મિત્ર સતીશની સપ્તપદીનો સમંદર ખૂંદવા નીકળી પડ્યા હતા.

લગભગ દોઢેક કલાક જેટલો પ્રવાસ ખેડ્યા પછી ડૉ. પરીખે સહજ રીતે પૂછ્યું, 'વાઘપરા હજી કેટલું દૂર હશે?'

ત્યારે જ મારું ધ્યાન ઘડિયાળ તરફ ગયું, 'અરે! વાઘપુરા તો આવી ગયું હોવું જોઇએ. સતીશે જે નકશો બતાવ્યો હતો તે પ્રમાણે પોણા કલાકમાં આપણે! ઓહ! મને લાગે છે કે આપણે રસ્તો ભૂલ્યા.'

ડૉ. પરીખ ચિડાયા, 'આપણે નહીં, પણ તમે રસ્તો ભૂલી ગયા એમ કહો, સાહેબ! અમે તો વાઘપુરાનો રસ્તો જોયો જ નથી.', 'ત્યારે મેં પણ ક્યાં જોયો છે? હું કંઇ વાઘપુરાથી અપડાઉન નથી કરતો!' મેં છાશિયું કર્યું.

વાતાવરણ બગડતું જતું હતું; બહારનું પણ અને અંદર જીપ્સીનું પણ. ત્યાં અચાનક ગાડી ડચકાં ખાવા માંડી અને પછી એ બંધ પડી ગઇ. પરીખે ચાર–પાંચ વાર સેલ મારી જોયા. એન્જિન ચાલુ થઇને પાછું બંધ થઇ જતું હતું. એની નજર

ફ્યુએલના મીટર પર પડી.

'ઓહ! ટાંકીમાં ડીઝલ તો ખલાસ છે!!!', હું અને જોષી એની ઉપર અકળાઇ ગયા, 'ટાંકી ફુલ કરાવીને નીકળવું જોઇએને? તને ખબર તો હતી જ કે...?'

પણ રાંડ્યા પછીના ડહાપણનો કશો અર્થ ન હતો. વાહનની ટાંકી ખાલી હતી. દિશાની સૂઝતી ન હતી. એ મારગડે વાહનોની અવરજવર પણ નહીંવત્ હતી. અમે નહીં પહોંચીએ ત્યાં સુધી વર માંડવે પધારવાનો ન હતો. અમે ત્રણેય જણા રઘવાટમાં આવી ગયા હતા. હવે શું કરવું?

ડૉ. જોષીની નજર ડાબા હાથે આવેલા એક ખેતર તરફ દોડી ગઇ, 'ત્યાં ઝૂંપડી જેવું લાગે છે.', 'આપણને ડીઝલની જરૂર છે, ઝૂંપડીની નહીં.', 'પણ ડીઝલ કદાચ ઝૂંપડીમાંથી જ મળશે. ખેતરમાં જો કૂવામાંથી પાણી ખેંચવાની મોટર મૂકી હશે તો...! લેટ અસ ટ્રાય!' વીસેક મિનિટ જેટલું ચાલ્યા પછી ઝૂંપડીની પાસે જઇ પહોંચ્યા.

બહાર ખુલ્લા આંગણામાં એક વૃદ્ધ આદિવાસી અને જુવાન પુરુષ ચિંતાતુર ચહેરાઓ લઇને બેઠેલા હતા. મને આશ્ચર્ય થયું; આવા ઠંડા વરસાદી છાંટાઓ વચ્ચે આ બંને ખુલ્લામાં કેમ બેઠા હશે? જવાબ મળી ગયો. ઝૂંપડીનું બારણું અંદરથી વાસેલું હતું. બારણાને ભેદીને કોઇ સ્ત્રીની કારમી ચીસો બહાર સુધી સંભળાઇ રહી હતી. હું સમજી ગયો; આ ચીસો કોઇ પ્રસૂતાની હોવી જોઇએ.

ડોસાએ માહિતી આપી, 'મારા દીકરાની વહુ છે. દાયણ ક્યારનીયે મથે છે. છુટકારો થતો નથી. હવે તો ભગવાન...'



ત્યાં બારણું ખૂલ્યું. દાયણ પરસેવો લૂછતી બહાર નીકળી, 'મથુરકાકા, મારાથી નંઇ બને. જશીને મોટા દવાખાને લઇ જવી પડશે. બચ્ચાનો જીવ જોખમમાં છે.'

ડોસો રડમસ થઇ ગયો, 'મોટા દવાખાને? અત્યારે? અમારી પાસે તો સાઇકલેય નથી. માલિકનું ટ્રેક્ટર હતું ઇ પણ બહાર ગ્યું છે.'

જુવાન પણ રડવા લાગ્યો, 'હે ભગવાન! મારી ઘરવાળીએ શું પાપ કર્યું કે તેં એની આ દશા કરી? એ બિચારી તો રોજ તારી પૂજા કરતી'તી. તેં આજે એને મરવાનું ટાણું દેખાડ્યું?'

હું વિચારતો હતો; ટ્રેક્ટર હતું તો ડીઝલ પણ હશેને? જીપ્સીમાં ડીઝલ પુરાવીને આ સ્ત્રીને મારી હોસ્પિટલમાં ન લઇ જઇ શકાય? પણ સતીશનાં લગ્નનું શું?

ત્યાં જ દાયણ પાછી બહાર ધસી આવી, 'મથુરકાકા, જે કરવું હોય તે ઝટ કરો. જશીની આંખ ફરી ગઇ છે.'

હવે મેં નિર્ણય લઇ લીધો. બીજું કંઇ જ કરવા જેટલો સમય ન હતો. મેં ઝૂંપડીમાં પ્રવેશ કર્યો, 'જોષી! પરીખ! આવો મારી સાથે. આપણી કરિયરનો આ સૌથી મોટો પડકાર હશે. આપણી પાસે ઇન્સ્ટ્રુમેન્ટ્સ નથી, લેબર રૂમ નથી, ઇન્જેક્શનો કે બીજું કશું જ નથી; છે તો માત્ર આપણી ડિગ્રીઓ છે, આવડત છે અને કોઇ પણ ભોગે આ સ્ત્રીનો જીવ બચાવવાની માનસિક તૈયારી છે. કમ ઓન! લેટ અસ કેરી આઉટ અવર ડ્યૂટી. ભગવાન આપણી સાથે છે.'

દસ મિનિટમાં બધું સરસ રીતે પતી ગયું. એ કટોકટીની ક્ષણ હતી. આખરી ચીસ હતી. બાળકનું વજન વધારે હતું, એટલે

સુવાવડમાં તકલીફ પડી રહી હતી, પણ એનો જન્મ કરાવવા માટે એક ક્વોલિફાઇડ ગાયનેકોલોજિસ્ટ ત્યાં હાજર હતો. હાજર હતો? કે એને કોઇ અદૃશ્ય શક્તિ દ્વારા ત્યાં હાજર કરી દેવામાં આવ્યો હતો?

બહાર નીકળીને મંગાળા પર ઉકાળેલી ચાના ઘૂંટ ભરતાં હું વિચારી રહ્યો હતો. છેલ્લા કલાકનો ઘટનાક્રમ શું આ ગરીબ આદિવાસી સ્ત્રીની સલામત સુવાડત માટે જ ઘડાઇ રહ્યો હતો? નવજાત બાળકના ગળામાં પાણી ચાલ્યું ગયું હતું એને રડાવવા માટે એક પીડિયાટ્રિશિયન પણ ત્યાં આવી પહોંચ્યો હતો? અને જશીની પીડા શમાવવા માટે એક એનેસ્થેટિસ્ટ પણ? એ પણ ઇમર્જન્સી કિટ ભરેલી બેગ સાથે?

વાહનમાં ત્રણ કેરબા ડીઝલ નાખીને છેવટે અમે વાઘપુરા પહોંચી ગયા. મોડા પડ્યા હતા. લગ્નની વિધિ ચાલુ થઇ ગઇ હતી. હસ્તમેળાપ થઇ ચૂક્યો હતો. મેં સતીશની પાસે જઇને કટાક્ષ કરી લીધો, ‘ઉલ્લુના પઠ્ઠા! તું તો કહેતો હતોને કે જ્યાં સુધી અમે નહીં પહોંચીએ ત્યાં સુધી તું માંડવામાં પગ નહીં મૂકે!!’

સતીયો લુચ્ચુ હસ્યો, ‘એ તો એવું કહેવાય; પણ તમારે કેમ મોડું થયું?’, ‘અમે એક એવી જગ્યા પર હતા જ્યાં અમારા વગર એક ડગલું પણ આગળ વધી શકાય તેમ ન હતું.’ મેં મોઘમ જવાબ આપ્યો અને વાત ખતમ કરી દીધી.



# હરિરસની હેલી (૧)

—શ્રી જ્યોત્સનાબહેન ત્રિવેદી

**૧૬—૦૮—૨૦૧૫ થી ૦૫—૧૨—૨૦૧૫**

**મૌન એકાંત પર્વ**

**૧૬—૦૧—૨૦૧૬ સ્વર્ગારોહણ**

પૂજ્ય શ્રી મા

વર્ષો પહેલાં પૂજ્યશ્રીએ દેવપ્રયાગના જંગલમાં પલાંઠી વાળી મૌન ઉપવાસ સાથે સાધનાનો પ્રારંભ કર્યો. અધ્યાત્મ જગતના શ્રેષ્ઠ સુવર્ણ શિખરે બિરાજી સઘળું પ્રાપ્ત કરી લીધું. એક પણ ઉત્સવ વિના. અહીં મા ૧૯૭૩—૭૪ થી આવા મૌન પ્રયોગ પ્રારંભ કરે છે. ૨૦૦૩માં ૬૦ દિવસનું બંધ બારણે મૌન એકાંત ઉજવ્યું. સાધનાના દરેક ઉત્સવ વ્યક્તિગત રીતે, ગુપ્ત રીતે જ ઉજવવા જોઇએ. વર્ષો સુધી વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં ખોવાઇ જાય અને પરિણામ પ્રાપ્ત થાય. અહીં પૂજ્ય શ્રીમાએ પણ એવા પ્રયોગો પછી પરિણામ તો પ્રાપ્ત કર્યાં છે. પણ તે હથેળીમાં બતાવાય તેવાં નથી.

કવનમાં કંઇક અંશે ગૂંથાય તેવા પણ નથી. અનુભૂતિનું એ જગત અવર્ણનીય છે. એને શબ્દો વામણા લાગે છતાં ૨૦૧૫માં વિદેશમાં ૭૨ દિવસનો પ્રયોગ પૂર્ણ થયો. ત્યાનાં જે જે રસિક સ્વજનો હતા તે સૌને પ્રસાદ મળ્યો.

ભાઇશ્રી દેવાંગ ભાઇ જેવા કેટલાક બાળકોની ઇચ્છા હતી કે આ મૌન પર્વનો મંગલ પ્રસાદ સાથે મળીને આરોગીએ. પ્રભુની કેવી કૃપા છે! ભાઇ દેવાંગને અહીં આવી શકવાની સર્વ અનુકૂળતા મળી. એમની પાસે એક વિશેષતા છે માના દરેક

શબ્દોને બ્રહ્મ સ્વરૂપ માની આદર ને સન્માન સાથે વધાવી શકવાની ક્ષમતા તેમની પાસે છે. એટલે પણ ભાઇ દેવાંગની પસંદગી પ્રભુએ જ કરી છે.

૨૦૧૫ના મૌન એકાંતનાં પ્રારંભથી જેમણે લાભ લીધો છે, એ જગ નિર્મલ પણ હાજર રહી શક્યાં છે. પહેલો વિભાગ ૭ દિવસનો ચાર ચાર પડદાની પાછળ શ્રી જગનિર્મલે પોતાનો એ ઉત્સવ અંગત રીતે પણ બહાર રહીને ઉજવ્યો. ૭ દિવસ સાધના કરી શક્યાં.

અહીં આપણે ૧લી જાન્યુઆરીએ ૩ દિવસ મૌનનો મંગલ ઉત્સવ ઉજવી શક્યા. સહુ સાથે મળીને માણી શક્યા તેવું જ આ મૌનપર્વ ૧૬ થી ૨૬ ડીસેમ્બરનું છે.

બેઠક સિવાય મૌનવ્રત લઇને દરેક પોતાની જાત સાથે ખોવાઇ જવાના પ્રયત્ન કરશે. સ્વર્ગારોહણમાં સત્સંગ કે ઉપદેશનાં વર્તુળ જ્યાં ત્યાં ભરાતા રહે છે. તેને બદલે મૌન વ્રત લઇને જાતને જ ઉપદેશ આપવાની જરૂર છે. દરેક પોતાના જ ગુરુ, દરેક પોતાના જ શિષ્ય, આ પર્વને તે રીતે માણવાનું છે. આપણા ક્યાંય કોઇને ઉપદેશની જરૂર નથી. પોતે જ પોતાના ઉપદેશક, પોતે જ પોતાના સંશોધક, પોતે જ પોતાના પરીક્ષક, જાત સાથે જીવવાની જે મજા છે, તે માણવા જેવી છે. હવે ભાઇ શ્રી દેવાંગ એ મૌન પર્વનો અક્ષર પ્રસાદ પીરસવાનો છે. સહુએ ધ્યાનથી શ્રવણ કરીને કંઇક પામવાનો પ્રયત્ન કરવાનો છે.

દેવાંગભાઇ કહે સંત સાહિત્યનું સ્તર ખૂબ ઊંચુ હોય તેવું. આપણે ઇંગ્લીશ ચેનલ પાર કરી તેવા કોઇને ઓળખીએ છીએ. આપણી પાસે સોનાની ખાણ, પૂ.શ્રીમા છે. પૂજ્ય શ્રી માએ ૧૮ કરોડ જપનું લક્ષ્યાંક સિદ્ધ કર્યું છે.



આપણા બધાના જીવનમાં અંધારું અજવાળું આવે છે. અજવાળામાં અજવાળું કરી શકે તે સાહિત્ય છે.

કોડિયામાં અજવાળું થાય એ ભૌતિક વાત છે. પણ ખોળિયામાં અજવાળું થાય એ સંત સાહિત્ય છે. પૂજ્ય શ્રીમાએ પ્રસાદ પીરસ્યો છે. તેને માણીએ.

મૌન એકાંતમાં મારા એવા વિચારો હતા. પૂજ્ય શ્રીમા દર્શનથી ઉત્સાહતા હતાં, ગોપી ભાવ હોય, વૃંદાવનમાં આવી ગયા હવે કરવાનું શું? આપણે એવું કરીએ કે પૂજ્ય શ્રી મા સમીપ જઇ શકીએ એ માટે મારે શું કરવું? ભાગવત રામાયણની સપ્તાહ કરીએ તેને બદલે આ શબ્દ યાત્રાની સપ્તાહ કરીએ, શબ્દ યાત્રામાં બધું જ છે.

**તારીખ ૧૧–૦૮–૨૦૧૫ નંદભવન પૂ.મા વિચારે છે–**

દરરોજ નોંધ પણ શું લખવી? વિચાર સતત પ્રવાહિત થયો. ૭૨ વર્ષ પૂર્ણ થયાં કલ હો ન હો. આંખ ક્યારે મિંચાઇ જાય તે પરમ સખા જ જાણે છે. જે જીવન છે તેમાંથી દરેક વર્ષનો એક જ દિવસ એ રીતે ૭૨ દિવસ એકાંત સેવન, વિશેષ સાધના કરવી રાહ જોવામાં રામ રમી જાય. યોજના વિચાર રૂપે આવે ત્યારે યોજનાના જ વિચારો પ્રગટાવે. સ્વજનોને મળવાનું ગમે છે. પણ સમયનો ખ્યાલ રહેતો નથી. જન સમાજમાં ઉપયોગી થવામાં ઘણો સમય જાય છે. સુખઃદુઃખમાં ઉપયોગી થવામાં સાધનામાં ભારે વિક્ષેપ પડે છે. ગુરુપૂર્ણિમા, ૧૫ ઓગષ્ટ, સ્વર્ગારોહણ વિડિયો ક્લીપ મોકલવા ઘણો સમય જાય છે. ઉભા ઉભા કાર્ય કરવું પડે છે, તેથી પૂજ્ય શ્રીમા સાધનામાં પાછળ પડી જાય છે, પૂજ્ય શ્રીમાને જાણે પ્રભુ કહે છે **'તું તારા દરવાજા બંધ કર તો હું મારા દરવાજા ખોલું.'**

પ્રભુ, એકાંત સેવન કરાવી કંઇક નવનીત ધરો. જન સંપર્ક ચાલુ છે ત્યાં સુધી, ધારેલી સાધના નથી થવાની.

**તારીખ ૧૨–૦૮–૨૦૧૫ નંદભવન**

બીજા પ્રભાતે જ તેનો પ્રારંભ. આજનો સૂર્યોદય મંગલ મધુર આદેશ ધરી રહ્યો છે. જાગૃતિની વાત ૯ થી ૯ એકાંત સેવન તેનો અમલ શરુ. સ્લેટ, મુલાકાત, ફોન, બેઠકનું મૌન. આખો દિવસ સમય જ ન મળ્યો. એકાંત, ૫૦૦ માળા થઇ પ્રભુ સતત પડખે રહ્યા. શક્તિ સ્ફૂર્તિ ધરી સહુની હાજરીમાં માળા કરાવી લીધી.

નિર્મલ–મારે પણ આવું મૌન પાળવું છે. જપ કરવા છે. મા એકાંત રાખે તેમાંથી પ્રેરણા લેવાની વાત નોંધપાત્ર છે.

૩૧ ડીસેમ્બર પહેલા મૌન એકાંત કરી લેવું જરુરી છે. એ ક્ષેત્રમાં જરુર કંઇક હશે. તારીખ ૧૩–૦૮–૨૦૧૫ નંદભવન

મૌન એકાંતમાં પ્રારંભમાં એક બે પંક્તિ ગવાવા લાગી. શબ્દો કોઇક ગોઠવી રહ્યું છે. એવું લાગવા માંડ્યું.

**શરણ સ્વીકાર્યું શા કાજે, યાદ કરી લો મુકામ હવે...(૨)**
**પામવું શું ને પામ્યા શું યાદ કરી લો મુકામ હવે**
**ક્યાં વળગ્યા ને ક્યાં છોડ્યા યાદ કરી લો મુકામ હવે...(૨)**
**ક્યાં દાટ્યા ને ક્યાં ઉગ્યા યાદ કરી લો મુકામ હવે**
**દાઝ્યા ક્યાં પંપાળ્યા ક્યાં યાદ કરી લો મુકામ હવે...(૨)**
**વિસ્તારનો વાળો બિસ્તર યાદ કરી લો મુકામ હવે**
**ચઢવા શિખરે ક્યાં અટક્યા યાદ કરી લો મુકામ હવે...(૨)**
**પરમ સખાનો એ છે સાદ સર્વેશ્વરીએ ઝીલ્યો આજ**
**મારી પાછળ મારી હસ્તી એ રીતે વિસરાઇ ગઇ...(૨)**
**આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઇ ગઇ**

**–શ્રી અજય કલોલા**



**તારીખ ૦૩–૦૯–૨૦૧૫ નંદભવન**

ગઇ રાતથી પ્રભાત પ્રગટી ગયું સંસારી નિંદ્રાનો સંપૂર્ણ ત્યાગ થઇ જાય છે. પરમ કૃપાથી જાગી જાય તેને માટે જીવનભર તો પ્રભાત જ પ્રગટી જાય.

પૂજ્ય શ્રીમાના ઓરડા પાસે ત્રણ પડદા લગાવી દીધા કાષ્ટ મૌન કાલિમંદિરના સર્વ વડીલોને પ્રણામ જીવન માટેનો (સુંદરપાઠ) એકાંત સેવનની સફળતા શારદાબેન–આપના આશીર્વાદ જોઇએ છે.

સુશીલાબેન–શા માટે આવું એકાંત સેવન? મહત્ત્વનાં પર્વોમાં ખસી જશો તો સમાજ ખ્રીસ્તી બની જશે. આપની સર્વ સાધના સફળ થાવ.

શારદાબેન–આશીર્વાદ આપવા માટે પાત્રતા નથી.

લક્ષ્મીબેન–તમારા વ્રત તપ તો દિવસે દિવસે ખૂબ કઠોર થતાં જાય છે. ખૂબ ખૂબ ઉંચે ઉડો, ખુબ પ્રગતિ થાય. ૮૬ વર્ષના થયા પણ આવી સાધનાના વિચાર કરી શક્યા નથી.

સાથે રહેનારા સાધકોએ પ્રાર્થના કરી, ઉપયોગી થઇ શકીએ સમજપૂર્વક વધાવી શકીએ એવી સાથે રહેનારા સાધકોની પ્રાર્થના નવો પ્રયોગ. તમને ના નડીએ, ભૂલ ન થાય તેનું ધ્યાન રાખશું. ફળાહારમાં માત્ર બે કેળાં ને દૂધ જ.

નંદકપિલા ઘરે કે જોબ પર મૌન રાખીશું. ઓફિસમાં એમણે ફોન છોડ્યો.

જાત સાથે જીવવાની મોજ પરમ સખા શીખવી રહ્યા. પોતાની પાસે ખેંચવાનો પ્રયોગ. સર્વ દિશાના તારને તોડીને આ દિશામાં જોડીને. પ્રભુએ નવી દિશાનો ઉઘાડ કર્યો.

## મૌન એકાંત પર્વ

### તા.૧૬–૦૧–૨૦૧૬, ૨૬–૦૧–૨૦૧૬

આભ જ્યારે અનરાધાર વરસે ત્યારે હેલીનું સર્જન થાય. વરસાદની હેલી તારાજ કરે, હેલી અગણિત જાનહાનિ પણ કરે. પણ આ તો હરિરસની હેલી, આધાર અનરાધાર વરસે ત્યારે તારે, ભવસાગરમાંથી ઉગારે, અંદર પરમનો ઉઘાડ કરે. જીવનને નવી દિશા અર્પે ઉંઘતાને જગાડે, જાગતાને હરિમાર્ગે દોડતા કરે. એવું અદ્ભુત સ્નાન કરાવે કે તે વહેતી જ્ઞાનગંગામાંથી નીકળવાનું મન જ ન થાય. પણ આ ગંગા કંઇ સામાન્ય જનોથી થોડી ઝિલાય! ગંગાને પણ અવતરણ માટે શિવજીની જટાનો મસ્તિષ્કનો સહારો લેવો પડ્યો હતો. આ ગંગામાં શ્રીમા શિવજી અને ભગીરથ બંને છે. તેમનું મૌલિક ચિંતન અને તેનું અનુસરણ અને તેથી ઉદ્ભવતા તપો ભગીરથનું કાર્ય કરે પ્રભુએ પ્રગટાવેલી ગંગા મા શિવજીની જેમ ઝીલી આપણને સહુને તે પાવન ગંગામાં સ્નાન કરાવે. તરબોળ કરે, ડૂબાડી દે, જ્યાંથી બહાર આવવાનું મન જ ન થાય.

આ પર્વ ખરેખર મૌન એકાંત પર્વ નથી, પણ આ વૈખરી વાણીનું પર્વ છે. યોગેશ્વર આર્ષવાણીનું પર્વ છે. પ્રભુ સાથે અનુભવેલા અદ્વૈતનું પર્વ છે. આરાધ્ય–આરાધકના સાયુજ્યનું પર્વ છે. અંતરમાં ઘુંઘવાતા સાગરનું પર્વ છે. છતાં આ કીડીના ઝાંઝરનો રણકાર છે. જે સ્થૂળ કર્ણો એ સાંભળવા અસમર્થ છે. દિવ્ય દેહ દિવ્યાત્મા જ આ સાંભળી શકે છે. એ જ પરમ રસ કલમે પ્રગટે છે શાહી સ્વરૂપે નીતરી કવનનું આર્ષવાણીનું રૂપ ધારણ કરે છે.

આવું આ પર્વ સ્વર્ગારોહણના પવિત્ર તીર્થ ધામે યોજાયું છે. આ પવિત્ર તીર્થ છે. પ્રભુજી યોગેશ્વરનું સતત સાન્નિધ્ય છે અને આ સર્વના ઝીલનાર સર્જનહાર શ્રી શ્રી માની દિવ્ય ઉપસ્થિતિ છે.



મંત્રદષ્ટા મા આ પર્વને ખૂબ સરસ રીતે માણી રહ્યાં છે. મા ઉભરાઇ ગયાં છે. તેમણે પોતે રળેલી પૂંજી તેના બાળકોમાં વહેંચી દેવાની તત્પરતા છે. અસાધારણ કૃપા કરુણા એ અમી સભર નેત્ર કમળોમાંથી ઉભરાઇ રહી છે. એ માતૃહૃદયનું વ્હાલ સહુ કોઇ અનુભૂત કરી રહ્યું છે. આબાલ વૃદ્ધ સહુ અનિમેષ નયને દર્શન, શ્રવણ કરી કંઇક બીજા જ લોકની અનુભૂતિ કરી રહ્યાં છે. આ તો જાણે હરિભજવાનું, માને લૂંટી લેવાનું અદ્ભુત ટાણુ એવું સહુ કોઇ અનુભવી રહ્યું છે.

આ દિવ્યવાણીનું શ્રવણ સહુ વ્રત ઉપવાસથી કરી રહ્યાં છે. આ વ્રત તપના પર્વને આનાથી મોટી શું અંજલિ હોઇ શકે! સહુ વિવિધ સાધના અને તપના સુમનોથી તેને વધાવી રહ્યાં છે.

આ પર્વ જેનાથી જીવંત બન્યું તેવા શ્રીદેવાંગભાઇ ઉત્તમ ગાયક, વક્તા પ્રવક્તા ક્યારેક શુકદેવ તો ક્યારેક વ્યાસ બની તેમણે તેમાં પ્રાણ પૂર્યા છે. પદોની પંક્તિઓ વારેવારે ગાઇને એમણે ઘુંટાવી દીધી છે એના પડઘા આજે પણ માત્ર મનમાં નહીં, પણ વાતાવરણમાં પણ અનુભવાય છે.

ભાઇ શ્રી અજય કલોલાએ એમની લાક્ષણિક અદા અને અવાજ બંનેથી શ્રી શ્રી માની સ્લેટનું વાંચન કરી આપણા સહુ સુધી એ અમૃતને પહોંચાડ્યું છે.

ભાઇશ્રી હેમલે યંત્રો અને વિજ્ઞાનની મદદથી આ ક્ષણોને ચિરંજીવ બનાવી ભવિષ્યની પેઢીને અને આજની પેઢીને એક અદ્ભુત નજરાણું ધરી દીધું છે. તો આ પર્વને આપણે પ્રતિદિન માણીએ.

# ગુરુમાં અખૂટ પ્રેમ ને વિશ્વાસ

-શ્રી યોગેશ્વરજી

જુદા જુદા ધર્મોના સનાતન તેમ જ મૂળભૂત સિદ્ધાંતોનું સ્વાનુભવ દ્વારા સ્પષ્ટિકરણ કરીને તેનો ઉપદેશ કરવા માટે જ મારા ગુરુદેવનું જીવન હતું. બીજા આચાર્યોએ એમનો પોતાનો ધર્મ શીખવ્યો છે, પરંતુ ઓગણીસમી સદીના આ મહાપુરુષે કોઇ એક ચોક્કસ ધર્મ કે સંપ્રદાય પર ભાર મૂકવાને બદલે, સર્વધર્મ સમભાવ તથા ધર્મોની અંતરંગ એક્તાનો મહાન સંદેશ પૂરો પાડ્યો છે.

પોતાના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસને અમંરિકામાં આવી અનુરાગપૂર્ણ અંજલિ આપનાર સ્વામી વિવેકાનંદના એ શબ્દો છે.

પ્રથમ મુલાકાત વખતે જ રામકૃષ્ણદેવને 'તમે ઈશ્વરને જોયો છે કે કેમ?' એવો પ્રશ્ન પૂછનાર વિવેકાનંદના હૃદયમાં એ મહાપુરુષ પ્રત્યે પાછળના વરસોમાં કેટલો બધો અસીમ અનુરાગ અને આદરભાવ પેદા થયેલો એનો એ દસ્તાવેજી પુરાવો છે. એ પ્રેમ કાંઇ એમને એમ પ્રકટ નહોતો થયો. એની પાછળ વરસોનો અનુભવભંડાર હતો.

વિવેકાનંદને પોતાના ગુરુ રામકૃષ્ણદેવ પર જેવો પ્રેમ હતો, તેથીયે વધારે પ્રેમ રામકૃષ્ણદેવન વિવેકાનંદ માટે હતો. શરૂઆતમાં વિવેકાનંદ લાંબા વખત સુધી પોતાની પાસે ના



આવતા, તો રામકૃષ્ણદેવની દશા ભારે કરુણ બની જતી. એ અધીરા બની જતા ને ભક્તોને કહેતા કે નરેન્દ્રને કહેજો કે મારી પાસે આવે. એના વિના મારાથી નથી રહેવાતું. મારા હૃદયની દશા કપડાંને નીચોવતા હોઇએ એવી કરુણ થઇ જાય છે. અને જ્યારે વિવેકાનંદ આવતા ત્યારે એમને એ વળગી પડતા, પોતાની પાસે બેસાડતા, ને પોતાને હાથે પ્રસાદ ખવડાવતા. વિવેકાનંદ કેટલીય આનાકાની કરતા, પરંતુ વ્યર્થ જતી. ભક્તો એ પ્રેમને પેખીને વિસ્મય પામતા, મોંમાં આંગળાં ઘાલતા તથા વિવેકાનંદના સદ્‌ભાગ્યની પ્રસંશા કરતા. વિવેકાનંદ પણ કહેતા કે તમે ઈશ્વરપ્રેમી છો છતાં મારે માટે આટલો પ્રેમ શા માટે રાખો છો? આમ કરશો તો હરણમાં આસક્ત થઈને દુર્ગતિ પામેલા ભરતઋષિની પેઠે દુર્ગતિ પામશો. રામકૃષ્ણદેવ એ સાંભળીને માત્ર હસતા.

કેટલાક ઈર્ષાળુ લોકોએ એવી વાત પણ ફેલાવી કે નરેન્દ્ર તો કુસંગે ચઢી ગયો છે ને દારૂ પીતો તથા વેશ્યાગમન કરતો થયો છે. પરંતુ રામકૃષ્ણદેવે એ વાત માની નહિ. એ ભારે રોષે ભરાઈને ભોલી ઊઠ્યા કે નરેન્દ્ર એવું કરે જ નહિ. એનો આત્મા કેટલો બધો ઊંચો છે તે હું જાણું છું. મારી આગળ તમે આવી વાતો ના કરશો. વિવેકાનંદે જ્યારે એ વાત સાંભળી ત્યારે એમનું હૃદય ગદ્‌ગદ્‌ બની ગયું. ઘણા વખતથી એ ગુરુની પાસે નહોતા આવ્યા, પરંતુ હવે આવવા માંડ્યા.

પરંતુ થોડા વખત પછી જોયું તો પરિસ્થિતિ જૂદી જ હતી. જે રામકૃષ્ણદેવ એને દૂરથી આવતો જોઇને ગાંડાઘેલા બની જતા ને

કેટલીકવાર નાચવા પણ માંડતા, તે એને ઓળખતા પણ ના હોય એમ, એને જોઇને કશું જ ના બોલતા. બીજા ભક્તો તથા દર્શનાર્થીઓ સાથે વાતો કરતાં, પણ વિવેકાનંદને બોલાવતા નહીં. એક દિવસ, બે દિવસ નહીં, પરંતુ લાગલગાટ ત્રણ દિવસ સુધી એવું ચાલ્યું. ભક્તોને આશ્ચર્ય થયું. છતાં પણ વિવેકાનંદે રામકૃષ્ણદેવ પાસે આવવાનું ચાલું રાખ્યું.

ચોથે દિવસે રામકૃષ્ણદેવે વિવેકાનંદને કહ્યું : ભાઇ. હું તારી સાથે કશું બોલતો નથી છતાં તું રોજરોજ મારી પાસે શા માટે આવે છે? તને ખોટું નથી લાગતું?

વિવેકાનંદે ઉત્તર આપ્યો : પ્રભુ, મને ખોટું શા માટે, લાગે? હું ક્યાં તમારે માટે ને તમારી વાતો સાંભળવા આવું છું? હું તો મને શાંતિ મળે છે એટલા માટે, મારા સ્વાર્થ ખાતર, માત્ર તમારું દર્શન કરવા માટે જ આવ્યા કરું છું. તમે બોલો કે ન બોલો તેથી મારે શું?

રામકૃષ્ણદેવ એના શબ્દો સાંભળીને પ્રસન્ન થયા ને કહેવા માંડ્યા : તારા જેવો ઉત્તમ કોટિનો વીરપુરુષ જ આવા શબ્દો બોલી શકે. હું તારા પ્રેમ ને વિશ્વાસની કસોટી કરી રહ્યો હતો. તું તેમાંથી પાર ઉતર્યો.

પછી તો રામકૃષ્ણદેવે વિવેકાનંદ પર પોતાની કૃપા વરસાવવા માંડી. શરીરનો ત્યાગ કરતી વખતે એમને સર્વ પ્રકારની શક્તિ પ્રદાન કરી.

વિવેકાનંદનો એ ગુરુપ્રેમ બીજાને માટે આદર્શરૂપ થઇ પડ્યો.



વિવેકાનંદ પણ ગુરુના અપાર પ્રેમને હંમેશાં યાદ કરતા. એ પ્રેમ જ એમને માટે શક્તિના સાધનરૂપ હતો.

એ પ્રેમને યાદ કરીને જ, અમેરિકામાં એમણે પ્રસિદ્ધિ મેળવી ત્યારે પેલાં નમ્રતાથી ભરેલાં વચન કહેલા કે મારા મુખમાંથી એક શબ્દ પણ સાચો બોલાયો હોય તો તેનો યશ મારા ગુરુને ઘટે છે. જે અશુભ અથવા અસત્ય છે તે જ મારું છે.

ધન્ય એ ગુરુપ્રેમ!

અને શિષ્યને માટેના ગુરુના પ્રેમને પણ ધન્યવાદ!

એ બંનેના પારસ્પરિક પ્રેમે સંસારના આધ્યાત્મિક ઇતિહાસમાં અમર અધ્યાયનું નિર્માણ કર્યું.

ગુરુને શિષ્ય પ્રત્યે પ્રેમ નહિ હોય તો ચાલશે, પરંતુ શિષ્યને તો ગુરુમાં પ્રેમ ને વિશ્વાસ જોઇએ જ. એ વિના આગળ વધવાનું અશક્ય છે. અને જો શિષ્યનો પ્રેમ સાચો હશે તો, ગુરુના દિલમાં પણ એને માટેની અનુકંપાનો આવિર્ભાવ થશે જ.

બંનેના પ્રેમ જો પારસ્પરિક હશે તો તો કહેવું જ શું?

સોનામાં સુગંધ.